પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૬૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૭-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારે વરસાદથી મુંબઈ પાણી-પાણી

# જનજીવન ખોરવાયું, ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું, બસ-ટ્રેન સેવા પ્રભાવિત, NDRFની ટીમો તૈનાત

મુંબઈ,

માયાનગરી મુંબઈમાં આજે પણ ભારે વરસાદની સંભાવના છે. મુંબઈમાં છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે જનજીવન પ્રભાવિત થયુ છે. હવામાન વિભાગે અહીં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. તેમનું કહેવુ છે કે કુર્લા, ચેમ્બુર, સાયન, દાદર અને અંધેરી ભારે વરસાદની ઝપટમાં છે. વિભાગનુ કહેવુ છે કે આ આખુ અઠવાડિયુ મુંબઈમાં વરસાદ પડશે. જ્યારે મુંબઈ ઉપરાંત થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરી, સિંધુદુર્ગ, પુણે, બીડ, લાતુર, જાલના, પરભણી ઉપરાંત આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. જેના કારણે તમામ સ્થળોએ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. ભારે વરસાદને કારણે નવી મુંબઈ અને અંધેરી સબવે અંધેરી સહિત ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. જેના કારણે ઑફિસ જનારાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિભાગનુ કહેવુ છે કે મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં આખા અઠવાડિયે વરસાદનો આ સિલસિલો ચાલુ રહેશે આઈએમડી મુજબ કોંકણ ક્ષેત્રમાં ૮ જુલાઈ સુધી ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

ભારે વરસાદને કારણે મુંબઈના રસ્તાઓ પર ઠેર-ઠેર પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. મુંબઈના દહિસરમાં ભારે વરસાદને કારણે ચેકનાકા પાસેનો રસ્તો પાણીમાં ગરકાવ થઈ ગયો હતો,



જ્યારે નવી મુંબઈથી કલ્યાણ અને નાલાસોપારા સુધીના લોકોને વરસાદના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મહારાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. નવી મુંબઈમાં રેલ્વે સ્ટેશનની બહાર નીકળતા જ લોકોને પાણીમાંથી પસાર થવું પડે છે. રેલવે સ્ટેશનની બહાર ઘણું પાણી જોવા મળ્યું હતું. કલ્યાણ લોમ્બાવલીમાં વરસાદને કારણે આસપાસના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. નાલાસોપારામાં પણ સ્થિતિ વણસી છે. માર્ગો પર પાણી ભરાવાના કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. ભારે વરસાદના એલર્ટને ધ્યાનમાં રાખીને કોંકણ વિસ્તારમાં દ્ગડ્ઢઇહ્લ પહેલેથી જ તૈનાત કરવામાં આવી છે. પાણીનો પ્રવાહ એટલો જોરદાર હોય છે કે જાણે તે બધું જ લઈ જવા માટે તલપાપડ હોય. મુંબઈને અડીને આવેલા ભિવંડીમાં આખું બજાર વરસાદના પાણીમાં ગરકાવ જોવા મળ્યું હતું.

લોકોનો આક્ષેપ છે કે, મનપા દ્વારા નાળાઓની સફાઈ કરવામાં આવતી નથી તેથી લોકોને વરસાદના દિવસોમાં આવી મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. ભોગવતી નદીના પાણીથી નીચાણવાળા વિસ્તારો ડૂબવા લાગ્યા છે.

મુખ્યમંત્રી એકનાથ શિંદે પોતે કોંકણ ક્ષેત્રના તમામ જિલ્લાઓના જિલ્લા કલેક્ટરોના સંપર્કમાં છે જેથી આગામી કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે જાનમાલનું નુકસાન ન થાય. મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે મુંબઈની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે કેટલીક નદીઓ ચેતવણીના સ્તરે પહોંચી ગઈ છે. કુંડલિકા નદી ચેતવણીનું સ્તર વટાવી ગઈ છે. અંબા, સાવિત્રી, પાતાળગંગા, ઉલ્હાસ અને ગઢી નદીઓનું જળસ્તર ચેતવણીના સ્તરથી થોડું નીચે છે. આ ઉપરાંત જગબુડી અને કાજલી નદીનું પાણી એલર્ટ લેવલ પર વહી રહ્યું છે. મુખ્યમંત્રીએ ચિપલુણની સ્થિતિ પર નજીકથી નજર રાખવા અને નાગરિકોને વારંવાર ચેતવણી આપવા પણ સૂચના આપી હતી.

મહારાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે રાયગઢ જિલ્લામાંથી ૧૫૩૫ લોકોને બચાવી લેવાયા છે. રાયગઢ જિલ્લામાં દ્ગડ્ઢઇહ્લની ટીમો તૈનાત છે. ભારે વરસાદને કારણે ટ્રેન અને રોડ ટ્રાફિકને ભારે અસર થઈ છે. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી વાહનોની અવરજવર મોટા પ્રમાણમાં ખોરવાઈ ગઈ છે. નીચાણવાળા વિસ્તારો અને રેલવે ટ્રેક પર પૂરના કારણે કેટલાક રૂટ પર ટ્રેન અને બસ સેવાને અસર થઈ છે. ઘણી ટ્રેનો તેમના નિર્ધારિત સમય કરતા મોડી ચાલી રહી છે. મધ્ય રેલવે ૫-૧૦ મિનિટ મોડી દોડી રહી છે. હાર્બર લાઈન પર પણ ટ્રેનો ૫-૧૦ મિનિટ મોડી ચાલી રહી છે.ઉલ્લેખનીય છે કે મુંબઈમાં છેલ્લા ૧૨ કલાકમાં ૯૫.૮૧ મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ઓરિસ્સાના ઘણા ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગનુ કહેવુ છે કે બાંગ્લાદેશ અને પડોશી વિસ્તારોમાં સાયક્લોનિક સર્ક્યુલેશન ચાલુ છે. તેના પ્રભાવ હેઠળ આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર ઓરિસ્સામાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. તેથી હવામાન વિભાગે આજે ૨૪ જિલ્લાઓ માટે 'યલો એલર્ટ' અને આગામી ૨૪ કલાક માટે આઠ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે.

### ઉદયપુર હત્યા કેસનું ગુજરાત કનેક્શન ખૂલ્યું

# આરોપીઓના ફોનમાં અમદાવાદના યુવકોના નંબર મળી આવતા ગુજરાત પોલીસ દોડતી થઈ

અમદાવાદ,

ઉદયપુર કન્હૈયાલાલ હત્યા કેસ મામલે કનેકશનના તાર અમદાવાદ સુધી લંબાયા છે. આરોપીઓના પાકિસ્તાન સાથેનુ કનેક્શન ખૂલ્યા બાદ હવે અમદાવાદ સાથે કનેક્શન ખૂલ્યુ છે. કન્હૈયાલાલના હત્યારાઓના મોબાઈલ ફોનમાથી અમદાવાદના સરખેજના યુવકોના નંબર મળી આવ્યા છે. સરખેજના યુવકોના નંબર મળી આવતા સ્થાનિક એજન્સીઓ સક્રિય થઈ ગઈ છે. સરખેજના યુવકોના ઉદયપુર હત્યા કેસ સંડોવણી છે કે નહિ તેની તપાસ શરૂ કરાઈ છે. આ યુવકો કેવી માનસિકતા ધરાવે છે તેની લઈને પણ તપાસ શરૂ કરાઈ છે. નજીકના સમયમા ગુજરાત પોલીસ આ મામલે ખુલાસા કરી શકે છે.

એનઆઈએ સહિત અનેક સુરક્ષા એજન્સીઓ ઉદયપુર મર્ડર કેસમાં તપાસ કરી રહી છે. આ મામલામાં અત્યાર સુધી ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમના ફોન તથા ઈન્ટરનેટ પ્રોટોકોલ ડિટેઈલ રેકોર્ડ ચેક કરવામા આવી રહ્યાં છે. જેથી એ માલૂમ પડશે કે શુ કરાંચી સ્થિત દાવત-એ-ઈસ્લામી ધાર્મિક ગ્રૂપ દ્વારા કટ્ટરપંથનો કાર્યક્રમ ચાલી રહ્યો છે, તેમાં તેમનુ શુ કનેક્શન છે. એજન્સીઓના જણાવ્યા અનુસાર, ચાર આરીપઓમાંથી એક જેઈઆઈ સાથે જોડાયેલો હતો.


કન્હૈયાલાલ હત્યા કેસની તપાસમાં મોટો ખુલાસો થયો છે. ઉદયપુરના બે મૌલવી રિયાસત હુસૈન અને અબ્દુલ રઝાકે હત્યાના આરોપી મોહમ્મદ ગૌસને દાવત-એ-ઈસ્લામીની તાલીમ માટે પાકિસ્તાન મોકલ્યો હતો. ગૌસની સાથે વસીમ અત્તારી અને અખ્તર રઝા પાકિસ્તાન ગયા હતા. હાલ ત્રણેયને NIA દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બે મૌલાના અને બે વકીલ પણ આ કાવતરામાં સામેલ છે, તેમને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે આરોપીઓની એક મીટિંગ થઈ હતી જેમાં રિયાઝ અત્તારીએ ટેલર કન્હૈયાલાલની હત્યાની જવાબદારી લીધી હતી.

# ભારતનો વિકાસ દર સૌથી ઝડપી રહી શકે છે, ચીન પણ પાછળ રહેશે : વિશ્વ બેન્કનો રિપોર્ટ

નવીદિલ્હી,

આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓએ ભારતનાં વિકાસ દરમાં ઘટાડો થવાનું અનુમાન કર્યુ છે. પરંતુ બીજી તરફ વિકાસ દરમાં ઘટાડો થવા છતાં પણ ૨૦૨૨માં ભારતનો વિકાસ દર વિશ્વનાં અન્ય વિકસિત અને વિકાસશીલ દેશોની સરખામણીએ સૌથી વધુ રહી શકે છે. એટલું જ નહીં, પરંતુ પહેલીવાર ભારતનો આર્થિક વિકાસ દર ચીનની સરખામણીએ ઘણો વધારે રહેવાની સંભાવના છે.

વિશ્વ બેન્કનાં જૂનમાં જાહેર થયેલા રિપોર્ટ અનુસાર, ચીનનો વિકાસ દર આ વર્ષે ૪.૩ ટકા રહેશે. જયારે ભારતનો વિકાસ દર ૭.૫ ટકા રહેશે. આવી જ રીતે આઈએમએફનો રિપોર્ટ પણ ચીનની સરખામણીએ ભારતનાં




વિકાસ દરની ઝડપ વધવાની વાતને સમર્થન આપે છે. થોડા સમય પહેલાં આરબીઆઈની તરફથી જાહેર થયેલ માસિક રિપોર્ટમાં યુક્રેન-રશિયાનાં યુધ્ધ પછી વિશ્વમાં અન્ય દેશોની જેમ ભારતની અર્થ વ્યવસ્થા પર પણ વિપરિત અસર પડવાની વાત કહેવામાં આવી છે પરંતુ એ પણ માનવામાં આવ્યું છે કે, ભારત અન્ય દેશોની સરખામણીએ હવે ઝડપી વિકાસ કરશે. ભારતની રશિયા, ચીન, બ્રાઝિલ અને આફ્રિકન દેશો સાથે તુલના કરવામાં આવી છે. જેમાં ઓઈસીડી અને વિશ્વ બેન્કનાં રિપોર્ટનું તુલનાત્મક અધ્યયન જાહેર કરવામાં આવ્યું છે.

ઓઈસીડીએ ભારતનાં વિકાસ દરનાં અનુમાનને ૮.૧ ટકાથી ઘટાડીને ૬.૯ ટકા કરી દીધું છે, જયારે વિશ્વ બેન્કે ૪.૭ ટકાથી ઘટાડીને ૭.૫ ટકા કરી દીધું છે. ત્યારે આ એજન્સીઓએ ચીન માટેનાં અનુમાનને ક્રમશઃ ૫.૧થી ૪.૪ ટકા અને ૫.૧થી ૪.૩ ટકા કરી દીધું છે. એવી જ રીતે આઈએમએફનાં નવા રિપોર્ટ મુજબ ભારતનો વિકાસ દર ૯ ટકા ઘટીને ૮.૨ રહેશે, જયારે ચીનનો વિકાસ દરનાં અનુમાનને ૫.૧થી ઘટાડીને ૪.૪ ટકા કરી દીધો છે. ૨૦૨૧ની વાત કરીએ તો ચીનનો વિકાસ દર ૮.૨ ટકા રહ્યો હતો. ભારતીય અર્થ વ્યવસ્થામાં ૮.૭ ટકાનો વૃધ્ધિ દર રહ્યો હતો. તેનાથી પાછળનાં વર્ષમાં ભારતીય અર્થ વ્યવસ્થામાં ૬.૬ ટકાની કમી રહી હતી. ત્યારે કોરોના હોવા છતાં ચીને ૨.૩ ટકાની વૃધ્ધિ પ્રા કરી લીધી હતી.

# કોંગ્રેસ વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કર્યા વગર મેદાનમાં ઉતરશે : રઘુ શર્મા

ગાંધીનગર,

ગુજરાતમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. રાજ્યમાં આ વર્ષે ભાજપ, કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ ચૂંટણીમાં ઝંડલાવવાની છે. દરેક પાર્ટીઓ ચૂંટણીને લઈને પોતાની રણનીતિ બનાવી રહી છે. ત્યારે કોંગ્રેસ છેલ્લા ૨૭ જેટલા વર્ષથી ગુજરાતની સત્તાથી દૂર છે અને પાર્ટી આ વર્ષે ચૂંટણીમાં જીત મેળવશે તેવી આશા કરી રહી છે. આ વચ્ચે કોંગ્રેસ પાર્ટીને લઈને મોટા સમાચાર સામે આવ્યાં છે.

ગુજરાતમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી રઘુ શર્માએ મહત્વની જાહેરાત કરી છે. રઘુ શર્માએ કહ્યું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ કોઈ મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરશે નહીં. એટલે કે કોંગ્રેસે કેપ્ટન વગર મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. રઘુ શર્માએ કહ્યુ કે અમે ચૂંટણી બાદ મુખ્યમંત્રીનો ચહેરો નક્કી કરીશું.

ગુજરાતમાં ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે શાનદાર પ્રદર્શન કર્યુ હતું. કોંગ્રેસે ૭૭ સીટો કબજે કરી હતી. જ્યારે ભારતીય જનતા પાર્ટી માંડમાંડ ૯૯ સીટો પર પહોંચી શકી હતી. ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનને કારણે ઉભી થયેલી સ્થિતિનો ફાયદો સીધો કોંગ્રેસને મળ્યો હતો. ૨૦૧૭ની ચૂંટણીમાં પણ કોંગ્રેસ મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કર્યા વગર મેદાનમાં ઉતરી હતી.

# આસામમાં પૂર પાછળ મોટા ષડ્યંત્રની આશંકાઃ બેની ધરપકડ

ગોવાહાટી,

આસામમાં પુરનું તાંડવ સતત કહેર વર્તાવી રહ્યું છે. પુરથી અત્યાર સુધીમાં ૧૭૯ લોકોના મોત થઈ ચુક્યા છે. કેટલાય લોકો ઘર વિહોણા થઈ ગયા છે.

આસામમાં પુરથી સૌથી વદારે અસર કછાર જિલ્લામાં જોવા મળી રહી છે. કછાર જિલ્લામાં પુરના પાણીએ સૌથી વધારે તબાહી મચાવી છે. પોલીસે અને એનડીઆરએફની ટીમ રાહત અને બચાવ કામમાં લાગેલી છે. આ તમામની વચ્ચે આસામ પોલીસે કછાર જિલ્લામાં આવેલી બરાક નદીના ડેમ તૂટવાના મામલે બે લોકોની ધરપકડ કરી છે. એક રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, પોલીસે આ મામલે બે લોકોની ધરપકડ કરી છે. તેમના પર આરોપ છે કે, તેમણે બરાક નદી પર બનેલા બાંધને જાણી જોઈને તોડ્યો, જેના કારણે સિલચર શહેરમાં પુર આવ્યું.

રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, જે બે લોકોની ધરપકડ થઈ છે, તેમની ઓળખાણ મિઠૂ હુસૈન લશ્કર અને કાબુલ ખાન તરીકે થઈ છે. કછાર પોલીસ અધિકારીએ બંને આરોપીઓની ધરપકડ થઈ હોવાની પુષ્ટિ કરી છે. પણ પોલીસે આ ઘટનામાં બંનેની ભૂમિકા વિશે જાણકારી આપવાની ના પાડી છે.

# ભારતના ૧૦ રાજ્યોમાં કોરોનાનો નવો વેરિઅન્ટ સામે આવ્યો છે : ઈઝરાયેલના વૈજ્ઞાનિકનો દાવો

નવીદિલ્હી,

ઈઝરાયેલના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે ભારતમાં કોરોનાનો એક નવો વેરિઅન્ટ સામે આવ્યો છે. કોરોનાનો નવો વેરિઅન્ટ બીએ.૨.૭૫ ભારતના ૧૦ રાજ્યોમાં છે. સેન્ટ્રલ વાઈરોલૉજી લેબોરેટરીના વૈજ્ઞાનિક શે ફ્લેઈસને ટ્વીટ કર્યુ કે બીએ.૨.૭૫ના ૮૫ સિક્વન્સ અત્યાર સુધીમાં અપલોડ કરવામાં આવ્યા છે કે જે મુખ્યત્વે ભારતના ૧૦ રાજ્યો અને ૭ દેશોમાંથી છે. ભારતની બહાર સીક્વન્સના આધારે ટ્રાન્સમિશન હજુ સુધી ટ્રેસ કરી શકાયુ નથી.

શેએ જણાવ્યુ કે ૨ જુલાઈએ મહારાષ્ટ્રમાં ૨૭, પશ્ચિમ બંગાળમાં ૧૩, દિલ્હી અને જમ્મુ-કાશ્મીરમાં ૧-૧, હરિયાણામાં ૬, હિમાચલ પ્રદેશમાં ૩, કર્ણાટકમાં ૧૦, મધ્ય પ્રદેશમાં ૫, તેલંગાણામાં ૨ કેસ નોંધાયા છે. એકંદરે ભારતમાં બીએ.૨.૭૫ના કેસ નોંધાયા છે. નોમિક ડેટા ભેગી કરતી સંસ્થા નેક્સ્ટસ્ટ્રેનનુ કહેવુ છે કે ભારત સિવાય ૭ અન્ય દેશોમાં પણ કોરોનાનો નવો વેરિઅન્ટ જોવા મળ્યો છે. શેએ લખ્યુ છે કે આ પહેલીવાર છે જ્યારે સેકન્ડ જનરેશનનો વેરિઅન્ટ એક દેશમાં દેખાયો અને બીજા દેશમાં ફેલાયો. જો કે એ કહેવુ ઘણુ વહેલુ છે કે બીએ.૨.૭૫ આવનારા સમયમાં બહુ વધુ અસરકારક રહેશે. તે કેટલો ખતરનાક છે તે તો આવનારા સમયમાં જ ખબર પડશે.

કોરોનાના આ નવા વેરિઅન્ટ પર ભારતનુ કહેવું છે કે અત્યારે તેના વિશે ચિંતા કરવાની જરૂર નથી. આઈસીએમઆરના વૈજ્ઞાનિક ડૉ. સમીરન પાંડાએ કહ્યું કે આ એક સામાન્ય શોધ છે. સંક્રમણ લાંબુ ખેંચાઈ રહ્યુ છે માટે તેના વેરિઅન્ટ તો આવશે જ, તે તેનુ સ્વરૂપ બદલશે. જો કે તેમણે કહ્યુ કે રાહતની વાત છે કે આ સંક્રમણ વધુ ખતરનાક નથી માટે લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી પડી રહી.

# આદિત્ય ઠાકરે બાલા સાહેબના પૌત્ર, તેમના પર કાર્યવાહી નહી થાય : શિંદે ટીમ

મુંબઈ,

મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન બાદ પણ એકનાથ શિંદે પક્ષ અને ઉદ્ધવ ઠાકરે જૂથ વચ્ચે રાજકીય લડાઈ ચાલુ છે. હવે મુખ્યમંત્રી એકનાથ શિંદેના શિવસેના જૂથે વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ જીત્યા બાદ ઉદ્ધવ ઠાકરે જૂથના ધારાસભ્યો સામે પગલાં લેવાનું શરૂ કર્યું છે. આ અંતર્ગત નવા ચૂંટાયેલા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને સરકારને સમર્થન આપવા માટે જારી કરાયેલા વ્હીપનું ઉલ્લંઘન કરવા બદલ ઉદ્ધવ ઠાકરે જૂથના ૧૬ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવાની અરજી આપવામાં આવી છે. જોકે આ ૧૬ ધારાસભ્યોમાં આદિત્ય ઠાકરેનું નામ નથી. શિવસેનાના ચીફ વ્હીપ ભરત ગોગાવાલેએ માહિતી આપતા કહ્યું કે અમે અમારા વ્હીપનો ભંગ કરનારા તમામ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની નોટિસ આપી છે. બાલાસાહેબ ઠાકરે પ્રત્યેના અમારા આદરને કારણે આદિત્ય ઠાકરેનું નામ આપવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે અમે બાલાસાહેબ ઠાકરેના સન્માન માટે તેમનું (આદિત્ય ઠાકરેનું) નામ (અયોગ્યતા માટે) આપ્યું નથી. આ અંગે સીએમ નિર્ણય લેશે. એકનાથ શિંદે જૂથે દાવો કર્યો છે કે પક્ષના બે તૃતીયાંશથી વધુ ધારાસભ્યોના સમર્થનના આધારે તે જ વાસ્તવિક શિવસેના છે. તે જ સમયે, ગૃહમાં ફ્લોર ટેસ્ટ દરમિયાન, ઉદ્ધવ કેમ્પના એક ધારાસભ્યએ બળવાખોરોને ટેકો આપ્યો અને તેમના પક્ષમાં મતદાન કર્યું, ત્યારબાદ તેમની સંખ્યા વધીને ૪૦ થઈ ગઈ. પાર્ટી પાસે કુલ ૫૫ ધારાસભ્યો છે. એટલું જ નહીં, શિંદે જૂથે પણ બાળાસાહેબ ઠાકરેના વારસાનો દાવો કર્યો છે, એવી દલીલ કરી છે કે ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી સાથેના જોડાણ દ્વારા પાર્ટી અને તેની વિચારધારાને નબળી બનાવી છે. તમને જણાવી દઈએ કે સોમવારે ગૃહમાં ફ્લોર ટેસ્ટ દરમિયાન, ૨૮૮ સભ્યોની વિધાનસભામાં કુલ ૧૬૪ ધારાસભ્યોએ એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકાર દ્વારા લાવવામાં આવેલા વિશ્વાસ પ્રસ્તાવ માટે મતદાન કર્યું હતું. આ ૧૪૪ના બહુમતી ચિહ્ન કરતાં ઘણું વધારે હતું, જ્યારે ૯૯ ધારાસભ્યોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું.

# વારાણસીને નાઈટ માર્કેટની ભેટ મળશે, મોદી ૭ જુલાઈએ ઉદ્ઘાટન કરશે

નવીદિલ્હી,

વારાણસી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંસદીય ક્ષેત્ર છે. ૭ જુલાઈએ મોદી કાશીની મુલાકાતે આવશે. જ્યારે પણ તેઓ અહીં આવે છે. તેઓ ચોક્કસપણે વિસ્તારના લોકોને કંઈક ભેટ આપીને જાય છે. જો કે તેમના ૫ કલાકના પ્રવાસમાં ઘણા કાર્યક્રમો છે, પરંતુ આ વખતે નાઈટ બજારની ખૂબ ચર્ચા છે. એવું પણ કહેવાય છે કે કાશી નગરી ક્યારેય સૂતી નથી.

ઉત્તર પ્રદેશમાં વિકાસ અને રોજગારના નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે, યોગી સરકાર કાશીમાં નકામી જગ્યાઓનો સુંદર ઉપયોગ કરીને લોકોને રોજગાર આપવા જઈ રહી છે. આ માટે સરકારે ફ્લાયઓવરની નીચે બિનઉપયોગી જગ્યાઓને સુશોભિત કરીને ઉપયોગી બનાવી છે.

હવે લહરતારા-ચોકાઘાટ ફ્લાયઓવર નીચે ૧.૯ કિમીમાં માર્કેટને શણગારવામાં આવશે. કાશીની કલા અને સંસ્કૃતિ અહીં જોવા મળશે તેમજ બનારસી ખાણી-પીણીનો સ્વાદ પણ જોવા મળશે. વ્યવસ્થિત ટ્રાફિકની સાથે જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને યોગી સરકારે અર્બન પ્લેસ મેકિંગનું કામ કર્યું છે. તેનું લોન્ચિંગ ૭ જુલાઈના રોજ પીએમના પ્રસ્તાવિત વારાણસી પ્રવાસમાં થવાની શક્યતા છે.

ખાલી જગ્યા વારંવાર અતિક્રમણનો ભોગ બને છે. પરંતુ યોગી સરકાર હવે આવું થવા દેશે નહીં. સરકારે અર્બન પ્લેસ મેકિંગ હેઠળ આવી જગ્યાને રોજગાર આપવાનો ઉપયોગ કર્યો છે. વારાણસી સ્માર્ટ સિટીના ચીફ જનરલ મેનેજર ડૉ. ડી. વાસુદેવને જણાવ્યું હતું કે લહરતારા-ચોકાઘાટ ફ્લાયઓવર હેઠળ ૧.૯ કિમીમાં માર્કેટ વિકસી રહ્યું છે અને લોકો માટે સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેની કિંમત અંદાજે ૧૦ કરોડ છે.વારાણસી કેન્ટ સ્ટેશનથી નીકળતાની સાથે જ તમને કાશી શહેરનો અહેસાસ થવા લાગશે. પેઈન્ટિંગ, ઈન્સ્ટોલેશન અને લેન્ડસ્કેપિંગ દ્વારા કાશીની કલા અને સંસ્કૃતિ દિવાલો પર દેખાય છે. સેલ્ફી પોઈન્ટ, ફાઉન્ટેન, પાથ વે, આઈ લવ વારાણસી સ્લોગન લખેલા વૃક્ષો અને છોડ સહિત અન્ય બાગાયત માટેની જોગવાઈ છે.આ ઉપરાંત ઈંગ્લિશિયા લાઈનથી લહરતરા સુધીના રૂટ પર દુકાનો, ફૂડ કોર્ટ, ઓપન કાફે વગેરે હશે, જ્યાં મુસાફરો અને મુલાકાતીઓના સામાનની સાથે બનારસી ભોજન પણ ખાવા મળશે. રસ્તાની સલામતી માટે બંને બાજુ રેલિંગ, પગપાળા ક્રોસિંગ અને અન્ય સંસાધનો વિકસાવવામાં આવ્યા છે. સગવડતાની દ્રષ્ટિએ, બંને છેડે શૌચાલય, પીવાના પાણીની સુવિધા, પ્રવાસીઓ માટે માહિતી કિઓસ્ક અને અન્ય સુવિધાઓ હશે. વારાણસી સ્માર્ટ સિટીના ચીફ જનરલ મેનેજરે જણાવ્યું હતું કે કેન્ટ રેલ્વે સ્ટેશન અને રોડવેઝ બસ સ્ટેશનની હાજરીને કારણે ટ્રાફિકનું દબાણ વધારે રહે છે. ટ્રાફિકના સુચારૂ સંચાલન અને સંચાલન માટે, નિયત ટ્રાફિક પરિભ્રમણની યોજના બનાવવામાં આવી છે. જેના આધારે ઝેબ્રા ક્રોસિંગ, ટ્રાફિક સિગ્નેજ, મિડિયન યુ-ટર્ન, પીક-અપ અને ડ્રોપિંગ માટે નિર્ધારિત સ્થળ, ઈ-રિક્ષા ચાર્જિંગ પોઈન્ટ વગેરેની સુવિધા પણ હશે.

# બાલતાલ અને પહેલગામમાં અમરનાથ યાત્રા કામચલાઉ રોકવામાં આવી

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરમાં સ્થિત પવિત્ર અમરનાથ ગુફામાં બાબા બર્ફાનીના દર્શન કામચલાઉ ધોરણે રોકવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, હવામાનના કારણે યાત્રા રોકવામાં આવી છે. પ્રશાસને કહ્યું કે ખરાબ હવામાનને કારણે બાલતાલ અને પહેલગામમાં યાત્રાને કામચલાઊ ધોરણે રોકી દેવામાં આવી છે. હવામાન સ્વચ્છ થયા બાદ જ જવાની પરવાનગી આપવામાં આપવાનું જણાવાયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી ૨૪ થી ૩૬ કલાક સુધી કાશ્મીર ઘાટીમાં વરસાદનું એલર્ટ છે. ઘાટીમાં મોડી રાતથી વરસાદ પડી રહ્યો છે.

તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં અમરનાથ યાત્રા ૨૦૨૨ના પહેલા ચાર દિવસમાં કુલ ૪૦,૨૩૩ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફા મંદિરની મુલાકાત લીધી હતી. અધિકારીઓએ રવિવારે આ જાણકારી આપી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૩૦ જૂને યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૪૦,૨૩૩ શ્રદ્ધાળુઓએ ગુફા મંદિરની મુલાકાત લીધી છે.

અગાઉ, કડક સુરક્ષા વચ્ચે, મંગળવારે ૬,૩૦૦ થી વધુ શ્રદ્ધાળુઓની છઠ્ઠી ટુકડી દક્ષિણ કાશ્મીરમાં ૩,૮૮૦ મીટરની ઉંચાઈ પર સ્થિત પવિત્ર અમરનાથ ગુફા માટે રવાના થઈ હતી. અધિકારીઓએ આ માહિતી આપી હતી. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની કડક સુરક્ષા વચ્ચે ભગવતી નગર યાત્રી નિવાસથી ૨૩૯ વાહનોમાં કુલ ૬,૩૫૧ યાત્રાળુઓ રવાના થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. જેમાં ૪,૮૬૪ પુરૂષો, ૧,૨૮૪ મહિલાઓ, ૫૬ બાળકો, ૧૨૭ સાધુઓ, ૧૯ સાધ્વીઓ અને એક ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે બાલટાલ બેઝ કેમ્પ માટે ૨,૦૨૮ તીર્થયાત્રીઓ સવારે ૩.૩૫ વાગ્યે ૮૮ વાહનોમાં પ્રથમ રવાના થયા, ત્યારબાદ ૧૫૧ વાહનોનો બીજો કાફલો ૪,૩૨૩ યાત્રાળુઓને લઈને કાશ્મીરના પહેલગામ કેમ્પ માટે ગયો. બાબા બર્ફાનીના દર્શન માટે ૪૩-દિવસીય વાર્ષિક તીર્થયાત્રા ૩૦ જૂનના રોજ દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં પરંપરાગત ૪૮ કિમી નુનવાન માર્ગ અને મધ્ય કાશ્મીરના ગાંદરબલમાં ૧૪-કિમી-બાલતાલ માર્ગ દ્વારા શરૂ થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે અત્યાર સુધીમાં ૭૨,૦૦૦ થી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફામાં બરફથી બનેલા શિવલિંગના દર્શન કરી ચુક્યા છે. રક્ષાબંધનના અવસર પર અમરનાથ યાત્રા ૧૧ ઓગસ્ટે સમાપ્ત થશે.

# લુણાવાડા માજી MLAની કાર માંથી મળી આવ્યો : માજી MLAના પુત્ર અને મિત્રની અટકાયત

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક ૧૨૨ લુણાવાડા વિધાનસભાના કોંગ્રેસના પૂર્વ એમ.એલ.એ. અને થોડા સમય પહેલા ભાજપમાં જોડાયેલ હીરાભાઈ પટેલની ઈનોવા કાર માંથી વિદેશી દારૂ મળી આવ્યો પોલીસએ એમ.એલ.એ.ના પુત્ર સહિત મિત્રની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા વિધાન સભાના કોંગ્રેસના પૂર્વ એમ.એલ.એ. અને હાલમાં ભાજપમાં જોડાયેલ હીરાભાઈ પટેલનો પુત્ર મહર્ષિ હીરાભાઈ પટેલ અને લુણાવાડામાં નામી બિલ્ડર્સને જવેલર્સના વેપારી એવા સોધન મહાજનના પુત્ર સુભમ સોધન મહાજન બંને મહીસાગર જિલ્લાને અડકીને આવેલી રાજસ્થાન બોર્ડર પર થી એમ.એલ.એ. લુણાવાડા લખેલું બોર્ડ મારી વિદેશી દારૂ ચિક્કાર હાલતમાં પીને સાથે ઈનોવા ગાડીમાં બે પેટી થી પણ ઉપરાંત વિદેશી દારૂ ભરી લાવી ખાનપુર તાલુકાના વડાગામના સરપંચ જસવંત પટેલ કે જેઓ પગે અપંગ છે. તેમની સાથે ફોન પર ધમકીઓ આપી બીભત્સ ગાળો આપી અને પૂર્વ સરપંચના ઘરે ઈનોવા કાર લઈને આવી માર મારવામાં આવ્યો હોવાનું પૂર્વ સરપંચ દ્વારા હકીકત પોલીસને જણાવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ઈનોવા કાર વિદેશી દારૂ સહિત મહર્ષિ તેમજ સુભમની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એમ.એલ.એ. ગુજરાત લખેલ ઈનોવા કારમાંથી મળી આવી વિદેશી દારૂની ૪૬ બોટલ લુણાવાડાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય હીરાભાઈ પટેલનો પુત્ર મહર્ષિ તેમજ લુણાવાડાના જાણીતા બિલ્ડર શોધન મહાજનના પુત્ર શુભમ મહાજનની ઈનોવા કાર તેમજ વિદેશી શરાબ થઈ ૧૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે બાકોર પોલીસે કરી ધરપકડ લુણાવાડાના પૂર્વ ધારાસભ્ય હીરાભાઈ પટેલના પુત્રની દાદાગીરી આવી સામે આવતા ચિક્કાર પીધેલી હાલમાં મહર્ષિ પટેલ સહિત સુભમ મહાજનની પોલીસએ ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી. ત્યારે સરપંચના ઘરે દાદાગીરી દરમિયાનના વિડિયો પણ પોલીસને સરપંચ દ્વારા આપવામાં આવ્યા છે.

# મહીસાગર જિલ્લામાં રાજય મંત્રી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો

લુણાવાડા,

આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં વંદે ગુજરાત વિકાસયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લામાં આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગ રાજ્ય કક્ષા મંત્રી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં પર પાટીદાર સમાજઘર, લુણાવાડા ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મહીસાગર જિલ્લા પંચાયતની ૨૮ સીટોમાં અને ૩ નગરપાલિકાઓમાં રથ ભ્રમણ કરશે.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, આ વંદે ગુજરાત વિકાસ યાત્રા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશીપણાની મિશાલ છે. જયારે તેઓ ગુજરાતના મુખ્ય મંત્રી પદ પર બિરાજમાન હતા. ત્યારે તેમણે કરેલ વિકાસની રાજનીતિના પરિણામ સ્વરૂપ આજની પેઢીને તો ખબર જ નહિ હોય કે પહેલાના



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

સમયમાં કેવી પરિસ્થિતિ હશે. વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલ વિકાસની રાજનિતીના ફળ આજે છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યા છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે આજે ઉધોગ ધંધાઓનો વિકાસ અને વાઈબ્રન્ટ ગુજરાત થકી વિદેશી રોકાણના અવસરો ઉપલબ્ધ કરાવ્યા છે.

વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત તા. ૧૯મી જુલાઈ સુધીમાં મહીસાગર જિલ્લાકના સર્વાંગી વિકાસને વેગ આપવા અનેકવિધ વિકાસ કામોના લોકાર્પણ ખાતમુહુર્ત થવાના છે. એટલું જ નહીં પરંતુ સરકારના વિવિધ લોકોપયોગી યોજનાઓના લાભો સીધા જ લાભાર્થીઓને આપવામાં આવશે.

મહીસાગર જિલ્લાની પંચાયતની તમામ સીટો અને ત્રણેય નગરપાલિકા વિસ્તીરમાં આ વંદે ગુજરાત વિકાસ યાત્રા બે રથના માદયામથી ફરશે. જે દરમિયાન સરકારના વિવિધ વિભાગો હસ્તાકના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે જેમાં યાત્રા દરમ્યાન રૂ. ૯૨૦ લાખના ૬૫૬ કામોનું લોકાર્પણ કરાશે અને રૂા.૧૦૨૦.૪૪ લાખના ૧૦૭૨ નવિન વિકાસકામોની જાહેરાત કરાશે. સાથે જિલ્લાના ૧૦૬૧૫૧ લાભાર્થીઓને વિવિધ લાભ આપવામાં આવશે.

આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકે પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રતિક રૂપે ૧૬ લાભાર્થીઓને સ્ટેજ પરથી મહાનુભાવોના હસ્તે વિવિધ લાભો આપવામાં આવ્યા હતા. તેમજ બે લાભાર્થીઓ સાથે મંત્રીએ સંવાદ કર્યો હતો. કાર્યક્રમ પછી મહાનુભાવોના હસ્તે વૃક્ષા રોપણ કર્યુ હતું અને આરોગ્ય વિભાગના સ્ટોલોની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે બ્રાન્ચ શાળા ૧ લુણાવાડાની બાલીકાઓએ સ્વાગત ગીત રજૂ કર્યુ હતું. કાર્યક્રમમાં શબ્દોથી સ્વાગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવે કર્યું હતું અને આભાર વિધી લુણાવાડા પ્રાંત અધિકારી એ.કે.ગૌતમે કરી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, અધિક નિવાસી કલેક્ટર એ.આઈ.સુથાર, નાયબ વન સંરક્ષક નેવીલ ચૌધરી, લુણાવાડા તાલુકા પંચાયતના પ્રમુખ જ્યોતીકાબેન પટેલ, નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન મહેતા, અગ્રણી દશરથભાઈ બારીયા, રાવજીભાઈ પટેલ, જિલ્લાના અન્ય આધિકારીઓ પદાધિકારીઓ, લાભાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લાની સુકા ટીંબા પ્રાથમિક શાળા ખાતે કલેકટર અને પરિવારજનોએ શાળાના બાળકો સાથે તિથિ ભોજન લઈને જન્મદિવસ ઉજવ્યો

લુણાવાડા,

મહીસાગર જિલ્લા કલેકટર તરીકેનો જયારથી ડો. મનિષકુમારએ ચાર્જ સંભાળ્યો છે. ત્યારથી તેઓનો બાળકો પ્રત્યેનો પ્રેમ જાણીતો છે. જિલ્લા કલેકટરનો ચાર્જ સંભાળ્યા બાદ તેઓએ બાળકો માટે ખિલોના ખુશીઓં કા યોજના પણ શરૂ કરી હતી.

જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર તેમની આ યોજનાને આજે જાણે કે સાર્થક કરતાં હોય તેમ તેમણે આજે પોતાનો જન્મ દિવસ અનોખી રીતે ઉજવવાનું નકકી કર્યું હતું.

જિલ્લા કલેકટર ડો. મનિષકુમારનો આજે જન્મ દિવસ હોઈ તેઓ મહીસાગર જિલ્લાના સુકાટીંબા ખાતે આવેલ પ્રાથમિક શાળા ખાતે પહોંચી ગયા હતા. જયાં તેમને પ્રાથમિક શાળાના બાળકો સાથે જાણે કે એક પિતા જેમ પોતાના પુત્રને વ્હાલ કરે તેમ તેઓની સાથે સંવાદ કરી કેક કાપીને પોતાના પરિવારજનો અને બાળકો સાથે જમીન પર બેસીને તિથિ ભોજન લઈને જન્મદિવસની ઉજવણી કરી અન્યોને પ્રેરણા પૂરી પાડી હતી.

આ શાળામાં કલેકટર ડો. મનિષકુમારએ પોતાના જન્મદિવસની ઉજવણી નિમિત્તે જયારે બાળકો સાથે કેપ કાપી



ત્યારે જિલ્લાના આ અંતરિયાળ વિસ્તારની શાળાના કેટલાંક બાળકોએ તો કેક પણ જોઈ નહોતી તેવા બાળકોને આજે કેક જોવા મળતાં બાળકો સાથે પોતાનો જન્મદિવસ મનાવતા તેઓએ ખુશીની લાગણી વ્યકત કરી હતી.

કલેકટરએ આ પ્રસંગે શાળાના બાળકોને શાળાએ આવવા માટે ઉપયોગી એવી શૈક્ષણીક કીટનું વિતરણ કરી બાળકોને અંતરિયાળ વિસ્તારમાંથી બહાર આવી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની સાથે પ્રગતિના શિખરો સર કરી ગામનું, જિલ્લાનું, રાજયનું અને દેશનું નામ રોશન કરશો તેવી આશા વ્યકત કરી બાળકોને તેમના ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે કલેકટરએ શાળાના બાળકોને ઉનાળાની ગરમીમાં તડકો સહન ન કરવો પડે ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદથી બચી શકાય તે માટે શાળામાં શેડ બનાવી આપવાનું કહ્યું હતું.

જિલ્લા કલેકટર ડો. મનિષકુમારના જન્મદિવસની બાળકો સાથેની ઉજવણી પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બારીયા, ગામના સરપંચ, શાળાના આચાર્ય, કલેકટરના પરિવાર જનો અને શાળાના બાળકોએ ઉપસ્થિત રહી કલેકટરના જન્મદિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા.

# સ્પાઈસજેટની ફલાઈટનું કરાચીમાં ઈમરજન્સી લેન્ડિંગ, વિમાન દિલ્હીથી દુબઈ જઈ રહ્યું હતું

નવીદિલ્હી,

સ્પાઈસ જેટની દિલ્હીથી દુબઈ જતી એસજી-૧૧ ફલાઈટનું ટેકનિકલ ખામી બાદ પાકિસ્તાનના કરાચીમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. વિમાનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે. આ ઘટના અંગે માહિતી આપતા સ્પાઈસજેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે લાઈટોમાં ટેક્નિકલ ખામીના કારણે સ્પાઈસજેટ બી૭૩૭ એરક્રાફટને કરાચી તરફ

પ્લેન કરાચીમાં સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું અને મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા. પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે લેન્ડિંગ દરમિયાન કોઈ ઈમરજન્સી જાહેર કરવામાં આવી ન હતી અને વિમાનનું સામાન્ય લેન્ડિંગ થયું હતું. અગાઉ એરક્રાફટમાં કોઈ ખામી હોવાના કોઈ અહેવાલ નથી. મુસાફરો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજું વિમાન કરાચી મોકલવામાં આવ્યું હતું અને મુસાફરોને દુબઈ લઈ જવામાં આવ્યા હતાં

# સંતરામપુર તાલુકામાં બાઈક ઉપર બેરલો બાંધી વેચવા નિકળેલ ફેરીયાની જોખમી સવારી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

ધંધા વેપાર માટે જોખમી સવારી ફેરીયા કાપડ કાંકરી કટલરી અન્ય ચીજ વસ્તુઓ ઘરે ઘરે મોટર સાયકલ લઈને વ્યાપાર ધંધા કરવા નીકળતા હોય છે, પરંતુ પ્રથમવાર મોટરસાયકલ પર પ્લાસ્ટિકના ૧૦૦ના મોટા બેરલો એક સાથે મોટર સાયકલ ઉપર બાંધીને વેચાણ કરતા તસવીરમાં જોવાય રહ્યા છે. સંતરામપુર તાલુકાના ગામડે ગામડે પાંચ થી છ વ્યક્તિ આ રીતે જોખમી સવારી કરીને પોતાના ધંધા માટે પ્લાસ્ટિકના મોટા બેરલો મોટર સાયકલ પર બાંધીને વેચાણ કરવા માટે નીકળેલા જોવાઈ રહેલા છે. આ પણ એક સાહસનો જોખમી ધંધો છે. ખરેખર તો પાંચ બેરલ એક સાથે લઈ જવા હોય ટાટા એસીનો ઉપયોગ કરવો પડતો હોય છે, પરંતુ ધંધા માટે મજબૂરની મજબૂરી બની મોટરસાયકલ ચલાવીને ગામડે ગામડે ૧૦ થી ૧૫ કિલોમીટરના અંતરમાં આ રીતના એક સાથે ૧૦૦ લીટરના મોટા બેરલો છ નંગ એક સાથે વેચાણ કરવા નીકળે છે.

# કાશ્મીરમાં ગુપકાર ગઠબંધન આગામી વિધાનસભા ચૂંટણી સાથે મળીને લડશે!

શ્રીનગર,

નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી સાથે મળીને લડવાનો નિર્ણય કર્યો છે. બંને પક્ષોએ કહ્યું કે ગુપકર મેનિફેસ્ટો એલાયન્સ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી સંયુક્ત રીતે લડશે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને નેશનલ કોન્ફરન્સ બંને પીએજીડીના મુખ્ય ઘટક છે એનસી પ્રમુખ અને પીએજીડી ચીફ ફારુક અબ્દુલ્લાએ કહ્યું, "અમે સાથે મળીને ચૂંટણી લડીશું. એક રાજકીય પક્ષ છે જેણે કહ્યું કે તેણે ગઠબંધન છોડી દીધું છે. સત્ય એ છે કે તેઓ ક્યારેય ગઠબંધનનો ભાગ નહોતા. તેઓ અમને અંદરથી તોડવા આવ્યા હતા.

પીડીપી પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ પણ આવો જ મુદ્દો ઉઠાવ્યો હતો. મહેબૂબાએ કહ્યું, "અમે એકસાથે ચૂંટણી લડવાનો ઈરાદો ધરાવીએ છીએ કારણ કે તે લોકોની ઈચ્છા છે કે આપણે અમારી ખોવાયેલી ગરિમાને પુનઃસ્થાપિત કરવા માટે સાથે મળીને પ્રયાસ કરીએ."એક પ્રશ્નના જવાબમાં અબ્દુલ્લાએ કહ્યું કે સરકાર જ્યારે ઈચ્છે ત્યારે ચૂંટણી કરાવી શકે છે. પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે જ્યારે પૂર હતું ત્યારે ચૂંટણી યોજાઈ હતી. હવે ચૂંટણી કેમ ન થઈ શકે? સવાલ એ છે કે તેઓ ચૂંટણી કેવી રીતે લડવા માંગે છે

# આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : દિવસ નાના, મોટા પ્રવાસથી ભરચક રહેશે. અગત્યના કાર્યમાં અવરોધ આવે. ખર્ચ-ખરીદી જણાય. ભાગીદારથી મતભેદ જણાય.નોકરિયાતને ખટપટથી સાચવવું પડે.

વૃષભ (બ,વ,ઉ) : અકારણ ગુસ્સો આવે. અને અશાંતિ અનુભવો. મનની ચિંતા-અશાંતિ દૂર થાય. આવક કરતાં ખર્ચ વધી જતો લાગે. સંપત્તિના કામ થાય.

મિથુન (ક,છ,ઘ) : કોઈ જૂના મિત્રો મળે. દિવસ આનંદમાં પસાર થાય. કોઈ તરફથી ધનલાભ થાય. બપોર પછી ઈચ્છવા ન છતાં નાનકડો પ્વરાસ થવાની શક્યતા. સાંજ પછી થોડી તબિયત બગડે.

કર્ક (ડ,હ) : બહુ આનંદપૂર્વક દિવસ પસાર થાય. ક્યાંકથી નોકરીની સારી તક આવી પડે. આ તક છોડવી નહીં. આ તકથી તમારો પૂર્ણ ભાગ્યોદય થઈ શકે છે. કોઈ તરફથી પ્રેમ પ્રસ્તાવ આવે. મિત્રો સાથે આનંદ મળે. દિવસ ઉત્તમ રહે.

સિંહ (મ,ટ) : માનસિક તાણ હળવી થાય. સર્જનાત્મક પ્રવૃત્તિ રચાય. શુભ પ્રસંગથી આનંદ મળે. નાણાકીય સ્થિતિ તદ્દન હળવી બને. આવક વધે તેવી શક્યતા. વાહન સાચવીને ચલાવવું. ગુચવાયેલ પ્રશ્ને ઉકેલે તેવી શક્યતા.

કન્યા : મનની ચિંતામાંથી રાહત મળે. શત્રુથી સાચવવું પડે. મહત્વની મુલાકાત ફળે. નવી નોકરીની તક છે. એક ગરીબને સાંજે ભોજન કરાવવાથી જલદી પ્રગતિ થાય.

તુલા : અંગત સમસ્યાઓમાંથી બહાર આવી શકશો. આપના પ્રયત્નો ફળદાયી જણાય. પ્રવાસ મજાનો રહે.

વૃશ્ચિક : ધંધાકીય લાભ મળે. લગ્ન અંગે ચિંતા રહે.બુદ્ધિ અને મનોબળથી સુખ-સમૃદ્ધિની સ્થિતિ સારી થતી જણાશે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. વેપારમાં નવા કરાર થશે.

ધન : મનની મૂંઝવણ ધીમેધીમે દૂર થતી લાગે. તબિયત સાચવજો. નાણાભીડ જણાય. મિત્રો ઉપયોગી થાય.પૂરાં થવાં આવેલાં કામ બગડે. ઉઘરાણી અટકે. બપોરે પછી તબિયત, બગડવાની શક્યતા.

મકર : સામાજિક કામકાજ અંગે સાનુકૂળ તક સર્જાય. નોકરી-ધંધા અંગે હજુ પ્રતિકૂળતા. સ્નેહીથી સંવાદિતા સર્જાય. મોટા પ્રવાસથી ભરચક રહેશે. અગત્યના કાર્યમાં રુકાવટ આવે.

કુંભ : વ્યાવસાયિક ગૂંચવણનો ઉકેલ મેળવી શકશો. કૌટુંબિક કાર્ય થઈ શકે. પ્રવાસથી ખર્ચ અને સમસ્યા રહે. ન ધારેલાં કામ પૂર્ણ થવાની શક્યતા.

મીન : નાણાકીય પરેશાનીનો ઉકેલ મળે. લાભની તક સર્જાશે. મહત્વની મુલાકાત થાય.કોઈના તરફથી પ્રેમ પ્રસ્તાવ, આવે. સ્ત્રી વર્ગને શાંતિ. વિદ્યાર્થીઓએ સાચવીને, શાંતિથી અભ્યાસ કરવો.

# ગંભીર આર્થિક સંકટમાં ફસાયેલા શ્રીલંકાએ સ્વીકાર્યું છે કે તે નાદાર થઈ ગયું છે

ઢાકા,

ગંભીર આર્થિક સંકટમાં ફસાયેલા શ્રીલંકાએ સ્વીકાર્યું છે કે તે નાદાર થઈ ગયું છે અને હવે સત્તાવાર રીતે કહી શકે છે કે શ્રીલંકા નાદાર થઈ ગયું છે. શ્રીલંકાની સરકારે માત્ર એટલું જ સ્વીકાર્યું નથી કે દેશ નાદાર થઈ ગયો છે, પરંતુ શ્રીલંકાની સરકાર વતી એવું પણ કહેવામાં આવ્યું છે કે આવતા વર્ષના અંત સુધીમાં દેશ આર્થિક સંકટમાંથી સંપૂર્ણ રીતે નિરાશ થઈ જશે. શ્રીલંકાના વડા પ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ મંગળવારે દેશની સંસદમાં જણાવ્યું હતું કે શ્રીલંકા દેવાળીયુ થઈ ગયું છે. શ્રીલંકાના ટાપુ રાષ્ટ્રમાં ૨ કરોડ ૨૦ લાખ લોકોએ મહિનાઓ સુધી ઝડપી ફુગાવા અને લાંબા સમય સુધી વીજ કાપનો સામનો કરવો પડ્યો છે કારણ કે સરકાર દ્વારા મહત્વપૂર્ણ માલની આયાત માટે વિદેશી હૂંડિયામણ સમાપ્ત થઈ ગયું છે.

વડા પ્રધાન વિક્રમસિંઘેએ જણાવ્યું હતું કે એક સમયે આર્થિક રીતે સમૃદ્ધ શ્રીલંકાની સ્થિતિ આ વર્ષના અંત સુધીમાં વધુ ખરાબ થશે અને દેશ ખોરાક, ઈંધણ અને દવાઓની તીવ્ર અછતનો સામનો કરવાનું ચાલુ





રાખશે. શ્રીલંકાના વડા પ્રધાને કહ્યું કે, "આપણે ૨૦૨૩ માં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે અને આ સત્ય છે." તેમણે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડોળ સાથે શ્રીલંકાની ચાલી રહેલી બેલઆઉટ વાટાઘાટો ઓગસ્ટ સુધીમાં લેણદારો સાથે ડેટ રિસ્ટ્રક્ચરિંગ પ્લાનને અંતિમ સ્વરૂપ આપવા પર નિર્ભર છે.

શ્રીલંકાના વડા પ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ જણાવ્યું હતું કે, "આપણો દેશ નાદારીની સ્થિતિનું કારણ છે, અમારે અમારી દેવાની સ્થિરતા પર અલગથી એક યોજના રજૂ કરવી પડશે. જ્યારે (આઈએમએફ) તે યોજનાથી સંતુષ્ટ થશે ત્યારે જ અમે કરાર પર પહોંચી શકીશું.આઈએમએફએ ગયા અઠવાડિયે શ્રીલંકાને કહ્યું હતું કે દેશની નાણાકીય સ્થિતિને પુનઃપ્રાપ્ત કરવા અને તેની ડિફોલ્ટ થયેલી રાજકોષીય ખાધને સુધારવા માટે વધુ કામ કરવાની જરૂર છે અને તે પછી જ ચુકવણી સંતુલન સંકટને દૂર કરવા માટે ભંડોળ પર સોદો કરી શકાય છે. માટે વ્યવસ્થા. તમને જણાવી દઈએ કે શ્રીલંકા હાલમાં લગભગ સંપૂર્ણપણે પેટ્રોલ વગરનું છે અને સરકારે ઈંધણ બચાવવાના પ્રયાસમાં બિન-આવશ્યક જાહેર સેવાઓ બંધ કરી દીધી છે. યુનાઈટેડ નેશન્સનો અંદાજ છે કે લગભગ ૮૦ ટકા વસ્તી ખોરાકની અછત અને રેકોર્ડ કિંમતોનો સામનો કરવા માટે ઓછું ખાય છે અથવા ભોજન છોડી રહી છે.

શ્રીલંકા વિદેશી દેવું ચૂકવી શક્યું નથી

બે મહિના પહેલા જ શ્રીલંકાએ જાહેરાત કરી દીધી છે કે, તે આ વર્ષે ચુકવણી માટે બાકી રહેલા ૭ બિલિયન ડોલરના વિદેશી દેવાની ચુકવણીને સ્થગિત કરી રહ્યું છે. શ્રીલંકાએ ૨૦૨૬ સુધી વાર્ષિક સરેરાશ ૫ બિલિયન ચૂકવવા પડશે. વિદેશી હૂંડિયામણની કટોકટીના કારણે લોકોને બળતણ, રસોઈ અને દવા સહિતની આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા લાંબી લાઈનોમાં ઊભા રહેવાની ફરજ પડી છે. તે જ સમયે, મે મહિનામાં, શ્રીલંકાની સેન્ટ્રલ બેંકના ગવર્નરે કહ્યું હતું કે તેમનો દેશ આર્થિક સંકટથી બચવા માટે લોન ચૂકવી રહ્યો નથી. એટલે કે, તે આદિમ મૂળભૂત છે. તમને જણાવી દઈએ કે, કોઈપણ દેશને ત્યારે નાદાર જાહેર કરવામાં આવે છે જ્યારે ત્યાંની સરકાર અન્ય દેશો અથવા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન અથવા હપ્તાઓ સમયસર ચૂકવવામાં સક્ષમ ન હોય. આવી સ્થિતિમાં દેશની પ્રતિષ્ઠા, ચલણ અને તેની અર્થવ્યવસ્થાને ઘણું નુકસાન થાય છે અને શ્રીલંકા સાથે પણ આવું જ થયું છે.

મે મહિનામાં શ્રીલંકાના નાણા મંત્રાલયે કહ્યું હતું કે શ્રીલંકા પાસે માત્ર ૨૫ મિલિયન ડોલરનો ઉપયોગ કરી શકાય એવો વિદેશી ભંડાર છે અને આ નાણાંથી તે ન તો તેલની આયાત કરી શકે છે અને ન તો અબજોનું દેવું ચૂકવી શકે છે. દરમિયાન, શ્રીલંકન રૂપિયો મૂલ્યમાં લગભગ ૮૦% જેટલો નબળો પડ્યો છે અને હાલમાં શ્રીલંકાના ચલણનું મૂલ્ય એક ડોલર સામે ૩૬૦ને પાર કરી ગયું છે. તેથી, શ્રીલંકા માટે સામાન ખરીદવો વધુ મોંઘો બની ગયો છે. શ્રીલંકાએ વર્ષ ૨૦૨૬ સુધીમાં જી ઈ૨૫ બિલિયનનું દેવું ચૂકવવાનું છે અને આ વર્ષે શ્રીલંકાએ ૭ બિલિયનનું દેવું ચૂકવવાનું છે, જેને શ્રીલંકાએ ચૂકવવાનો ઈનકાર કરી દીધો છે.

શ્રીલંકામાં સૌથી વધુ સમય શાસન કરનાર રાજપક્ષે પરિવારના શાસનકાળ દરમિયાન શ્રીલંકા ચીનના ખોળામાં રમવાનું ચાલુ રાખ્યું અને અંતે ચીનને લગભગ ૫ બિલિયન યુએસ ડોલર ચૂકવવામાં નિષ્ફળ રહી. શ્રીલંકાની આર્થિક સ્થિતિ બરબાદીના આરે પહોંચી. અને મહિન્દા રાજપક્ષે દેશના સૌથી મોટા વિલન બની ગયા છે અને ચીનના ખોળામાં રમવાની આદતે શ્રીલંકાને નાદાર બનાવી દીધું છે. તે જ સમયે, જ્યારે એક સમયે ચીનની ગોદમાં રમવા માટે તૈયાર શ્રીલંકાએ શી જિનપિંગ પાસે દેવાની જાળમાંથી મુક્તિની માંગ કરી હતી, ત્યારે ચીને કોઈપણ પ્રકારની છૂટ આપવાનો ઈનકાર કર્યો હતો. શ્રીલંકાની સત્તા મોટાભાગના સમય માટે રાજપક્ષે પરિવાર પાસે રહી છે અને ૨૦૧૫ પહેલા, જ્યારે મહિન્દ્રા રાજપક્ષે રાષ્ટ્રપતિ હતા, ત્યારે તેઓ તેમના ભારત વિરોધી નિવેદનોને કારણે ઘણીવાર હેડલાઈન્સમાં રહેતા હતા અને એવું માનવામાં આવે છે કે, શ્રીલંકાની મોટી વસ્તી વચ્ચે. મહિન્દ્રા રાજપક્ષે પણ ભારત વિરોધી ભાવનાઓને ભડકાવવાના પ્રયાસમાં સફળ થયા અને આ સમય દરમિયાન મહિન્દ્રા રાજપક્ષેએ ચીન સાથે વળગી રહેવાનો પ્રયાસ ચાલુ રાખ્યો. ભારત વિરોધી રથ પર સવાર થઈને મહિન્દ્રા રાજપક્ષે ચીનની એટલો નજીક આવી ગયો કે કદાચ શ્રીલંકા પાસે પોતાનું કંઈ જ બચ્યું નથી અને જો શ્રીલંકા ચીનને લોનના પૈસા પરત નહીં કરે તો બાકીનું શ્રીલંકા પણ આમાં આવી શકે છે. એ જ હાલત, પછી હંબનટોટાની થઈ. હમ્બનટોટા બંદર શ્રીલંકા દ્વારા ૯૯ વર્ષ માટે ચીન પાસે ગીરવે રાખવામાં આવ્યું છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દાહોદ કોંગ્રેસના અગ્રણી સહિત કાર્યકરો બીજેપીમાં જોડાતા ખડભડાટ

દાહોદ,
દાહોદ જિલ્લા કોંગ્રેસમાં ભડકો થવા પામ્યો છે. ગાંધીનગર ખાતે કમલમ ખાતે સી.આર.પાટીલના અદ્યસ્થાને યોજાયેલ સભામાં દાહોદ જિલ્લાના ઘણા કોંગ્રેસના અગ્રણીઓ સહિત કાર્યકર્તાઓ ભાજપનો ખેંસ ધારણ કરી લેતાં દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી હતી.

વિધાનસભાની ચુંટણી પહેલા સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા હાલમાં પ્રચાર સહિતની કામગીરી પુરજોશમાં આરંભ કરી દીધી છે તેવામાં ગાંધીનગર કમલમ ખાતે યોજાયેલ સી.આર.પાટીલની સભામાં ઘણા કોંગ્રેસ સહિત અપક્ષ સહિતના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયાં હતા. ત્યારે દાહોદ જિલ્લાના પણ કોંગ્રેસ સહિત અપક્ષના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ ભાજપનો ખેસ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ધારણ કરતાં દાહોદ જિલ્લામાં રાજકારણમાં અનેક ચર્ચાઓ ભારે જોર પકડ્યું છે. દાહોદ શહેરના પ્રથમ હરોળના કોંગ્રેસના આગેવાન નજમુદ્દીન ગાંગરડીવાલા પોતાના સમર્થકો સાથે ગાંધીનગર ખાતે સી.આર.પાટીલના સભામાં હાજર રહ્યાં હતાં અને તેઓએ સી.આર.પાટીલના હસ્તે ભાજપનો ખેંસ ધારણ કરી લેતાં દાહોદ શહેર સહિત જિલ્લા કોંગ્રેસ સમિતિમાં સ્તબ્ધતાં છવાઈ ગઈ હતી. જાણવા મળ્યાં અનુસાર, દાહોદ જિલ્લાના અન્ય તાલુકાઓના કોંગ્રેસ સહિત અપક્ષના આગેવાનો અને કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં ભાજપમાં જોડાયાં છે ત્યારે ઝાલોદ નગરપાલિકાના આંઠ જેટલા કાઉન્સિલરો કમલમ ખાતે સી.આર.પાટીલના હસ્તે આજરોજ ભાજપમાં જોડાયા હતા. જેમાં ચાર કાઉન્સિલ કોંગ્રેસના અને ચાર કાઉન્સિલર અપક્ષના છે. આથી ઝાલોદ નગર કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો હતો. ઝાલોદ નગરના વોર્ડ નંબર–૭ ના ૪ અને વોર્ડ નંબર–૬ ના ૪ કાઉન્સિલરોનો સમાવેશ થાય છે. ઝાલોદ નગર પાલિકા પ્રમુખ સોનલબેન હરેશભાઈ ડીંડોર, દલાભાઈ વસૈયા, પારસીંગભાઈ ડામોર, ખુમનભાઈ ડામોર આ ચાર વોર્ડ નંબર ૭ ના કાઉન્સિલરો છે. તેમજ ૪ અપક્ષના વોર્ડ નંબર–૬ ના કાઉન્સિલર ભાવેશભાઈ ઉર્ફે બહાદુરભાઈ કટારા, શુક્રમભાઈ માલિવાડ, શંકરભાઈ કટારા, ઝાકીરભાઈ કાનુંગા અપક્ષના કાઉન્સિલ સી.આર.પાટીલની અદયક્ષતામાં કમલમ ખાતે ભાજપનો ખેસ પહેરી ભાજપમાં પ્રવેશ લીધો હતો. આ ઘટનાથી ઝાલોદ શહેરના સમગ્ર ભાજપ પરિવારમાં ખુશી વ્યાપી ગઈ હતી. આ ર્નિણયને ભાજપના દરેક લોકોએ વધાવી લીધો હતો અને એકબીજાને મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરી હતી. જેથી કહી શકાય કે ઝાલોદ શહેરમાં ભાજપ વધુ મજબુત પક્ષ બનવા તરફ આગળ વધી રહ્યો છે.

## દે.બારીયાના ઉધાવળા ગામે જુગારધામ ઉપર રેઈડ કરી ૧૪ જુગારીયાને ૨.૯૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

દાહોદ,
દાહોદ જીલ્લાના દે.બારીયા તાલુકાના ઉધાવળા ગામે જાહેરમાં ગંજી પાના પત્તા વડે રમાતા જુગારધામ પર દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ઓચિંતી રેડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જેમા પોલીસે ૨૮ પૈકી ૧૪ જેટલા જુગારીઓને ઝડપીપાડી તેઓની અંગઝડતીમાંથી અને દાવ પરથી કુલ રૂપિયા ૨૯૨૪૦૦ રોકડ રકમ તેમજ ૧૧ મોબાઈલ ફોન અને ચાર વાહનો વિગેરે મળી કુલ રૂપિયા ૪૯૧૪૦૦નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યાનું જાણવા મળેલ છે.

આજરોજ દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે દે.બારીયા તાલુકાના ઉધાવળા ગામે જાહેરમાં ખુલ્લી જગ્યામાં રમાતા ગંજીપાના પત્તાના જુગારધામ પર ઓચિંતી રેડ પાડતા જુગારીયાઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાવા પામ્યાહતા. જેમાંથી પોલીસે યાકુબભાઈ મજીદભાઈ ઘાંચી ,દેવચંદભાઈ કેશાભાઈ નાયક, અનીલભાઈ હસમુલાલ જયસ્વાલ, જગદીશકુમાર નાથાલાલ દરજી, સરફરાજ મીયા જહીરમીયા મલેક, સોહીલભાઈ સીરાજભાઈ મન્સુરી, અહેમદભાઈ રસુલભાઈ મલેક, પ્રવીણભાઈ લાલજીભાઈ પરમાર, ઈસ્માઈલ રસુલભાઈ ભીકા(ઘાચી), અનીલભાઈ સેથાભાઈ વણઝારા, ભરતભાઈ ગણેશભાઈ સરગરા, મહેબુબ ઈસ્માઈલ બહામ, સતારામ થાવરદાસ જામનાણી, સત્તાર અબ્દુલા સુકલાનાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. જ્યારે ફરાર શાહીદખાન સીકંદર ખાન પઠાણ , જાવેદ અબ્દુલ લતીફ ચૌહાણ, હસન પીતળ, સીરાજ અબ્દુલા પીંજારા, નરેશ ઉર્ફે ભયલુ લુહાણા, જીતેન્દ્ર ઈન્દ્રવદન શાહ, શોએબ સત્તાર રામવાલા, ફારૂક નાના બકસાવાલા, મજીદ અબ્દુલભાઈ સુકલા, જાવેદ, મહોમ્મદ સીરાજ મન્સુરી, ઈમરાન પઠાણ કસબાવાળા, સલીમભાઈ રસુલભાઈ બકસાવાળા અને સીરાજ ભાઈ યુસુફભાઈ મન્સુરી પોલીસને જોઈ નાસી જવામાં સફળ થયા હતા. પોલીસે ઝડપાયેલ આરોપીઓની અંગઝડતી અને દાવપરથી રોકડા રૂપિયા ૨૯૨૪૦૦ તેમજ ૧૧ નંગ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૨૪ હજાર તેમજ મોટર સાયકલ અને મોપેડ મળી કુલ ચાર વાહન કિંમત રૂપિયા ૧,૭૫,૦૦૦ વિગેરે મળી પોલીસે કુલ રૂપિયા ૪૯૧૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલ ૧૪ જુગારીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે તમામ જુગારીઓ વિરૂદ્ધ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા ખાતે બીજેપી મદ્યઝોન પ્રભારીની અદ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજરોજ દેવગઢબારિયા ખાતે મધય ઝોનના પ્રભારી અને પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખ કામિનીબેન સોની અદ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આગામી કાર્યક્રમોનું માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. તેમાં પૂર્વ રાજયમંત્રી બચુભાઈ ખાબડ, દાહોદ જિલ્લાના પ્રભારી નીલાબેન પટેલ, દાહોદ જિલ્લાના મહિલા મોરચાના પ્રમુખ મેઘાબેન પંચાલ, પ્રદેશ મહિલા મોરચાના



કારોબારી સભ્ય નીતુબેન બારીયા, દાહોદ જિલ્લાના મહિલા મોરચાના મહામંત્રી રીટાબેન નિનામા અને મીરાબેન પરમાર, પંચમહાલ જિલ્લાના પ્રભારી વૈશાલીબેન પટેલ, જિલ્લા મહિલા મોરચાના ઉપપ્રમુખ રાખીબેન સોની, જિલ્લા સંગઠનના કારોબારી સભ્ય રાજેશ્વરીબેન ચૌહાણ, દેવગઢબારિયા નગરપાલિકાના કારોબારી ચેરમેન સજજનબેન બારીયા, ગ્રામ્ય પ્રમુખ મુકેશભાઈ પટેલ અને દાહોદ શહેરના નગરપાલિકાના કાઉન્સિલર બહેનો તાલુકા પંચાયતની સભ્ય અને જિલ્લા પંચાયત સભ્ય બહેનો અને દરેક મંડળમાંથી આવેલ મહિલા મોરચાની અને સંગઠનની બહેનો અને મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદમાં એક દિવસમાં ત્રણ મોબાઈલ ફોનની લુંટ કરી જતાં ચકચાર

દાહોદ,
દાહોદ શહેરમાં અજાણ્યા ચોર ઈસમો દ્વારા એક સાથે એકજ દિવસમાં ત્રણ વ્યક્તિઓના મોબાઈલ ફોન ઝુંટવી નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં આવેલ સાત બંગલા ટેકરી તરફથી પસાર થઈ રહેલા આશુતોષકુમાર અમીતકુમાર પાઠક (રહે. ગોવિંદનગર, દાહોદ), બનીન (રહે. દાહોદ) અને અબરામ ઉસ્માનભાઈ પઠાણ (રહે. કસ્બા, દાહોદ) આ ત્રણેય વ્યક્તિઓ ગત તા.૦૨ જુલાઈના રોજ પરેલ સાત બંગલા વિસ્તાર ખાતેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ઉપરોક્ત ત્રણેય વ્યકિતઓ પાસેથી હાથમાંથી મોબાઈલ ફોન છુટવી ફરાર થઈ જતાં એક સાથે ત્રણ વ્યકિતઓના મોબાઈલ ફોનની ચોરીની ઘટનાને પગલે દાહોદ શહેરમાં ભળભળાટ મચી જવા પામ્યાં હતો.

આ સંબંધે આશુતોષકુમાર અમીતકુમાર પાઠક દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના સીમલીયા ગામે ૧૯ વર્ષીય યુવતિએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સીમલીયા ગામે એક ૧૯ વર્ષીય યુવતીએ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગતરોજ ઝાલોદ તાલુકાના સીમલીયા ગામે કાગલાખેડા ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય કિંજલબેન રાજેશભાઈ કિશોરીએ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ઘરના સરા સાથે નાઈલોનની દોરી પોતાના ગળામાં બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યાં કરી લીધી હતી. ઘટનાને પગલે પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં સ્થાનીક પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતક કિંજલબેનની લાશને નીચે ઉતારી નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આપ્યાં હતાં.

આ સંબંધે લીમડી પોલીસ મથકે જાણ કરાતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજસ્થાનના દૌસા જિલ્લામાં માર્ગ અકસ્માત : ૪ના મોત

દૌસા,
રાજસ્થાનમાં માર્ગ અકસ્માતો અટકવાનું નામ નથી લઈ રહ્યા. મંગળવારે એક માર્ગ અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકો યુપીના કાનપુરના રહેવાસી છે. પોલીસે ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કર્યા. આ સાથે જ મૃતકોના મૃતદેહને જિલ્લા હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર કોથૂન-મનોહરપુર હાઈવે પર બાપી ગામમાં કાર અને પીકઅપ સામસામે અથડાયા હતા. ઘટનાની જાણ થતા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. લોકોએ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોતાના કબજામાં લીધો હતો. તેમજ ત્રણ ગંભીર રીતે ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બે લોકોની ગંભીર હાલતને કારણે તેમને જયપુર સવાઈ માનસિંહ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ અજીત બડાસરાએ જણાવ્યું કે મૃતક યુપીના કાનપુરનો રહેવાસી છે. તેઓ ખાટુ શ્યામ જીના દર્શન કરવા સીકર જઈ રહ્યા હતા. બાપીમાં માર્ગ અકસ્માતમાં સ્વિફ્ટ ડિઝાયરમાં બેઠેલા પમાંથી ૪ લોકોના મોત થયા હતા. તે જ સમયે પીકઅપમાં સવાર બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પીકઅપ સવારો અલવરના રાજગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના હોવાનું કહેવાય છે. તેમણે કહ્યું કે આ ઘટનાની જાણ મૃતકના પરિવારજનોને કરી દેવામાં આવી છે. સ્વજનો આવ્યા બાદ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

## અયોધ્યાના શ્રીરામ મંદિર પર ડોક્યુમેન્ટ્રી બનશે, ૫૦૦ વર્ષના સંઘર્ષની ગાથા રજૂ કરાશે



અયોધ્યા,
અયોધ્યામાં રામ મંદિર માટે અત્યાર સુધી થયેલા સંઘર્ષની વાત અને ભગવાન શ્રીરામના મંદિરના નિર્માણમાં ધર્મગુરુઓ, રાજકારણીઓથી લઈને સામાન્ય માનવીના સંઘર્ષ અને બલિદાનની વાર્તા સ્ક્રીન પર બતાવવામાં આવશે.હાલ શ્રીરામ મંદિર આંદોલન પર એક ડોક્યુમેન્ટ્રી બનાવવાની તૈયારી ચાલી રહી છે, જેના દ્વારા આ સમગ્ર આંદોલનને લોકો સુધી પહોંચાડવામાં આવશે. ખાસ વાત એ છે કે આ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં આ ચળવળનો દરેક મહત્વનો એપિસોડ બતાવવામાં આવશે, જેના દ્વારા આ સંઘર્ષની કહાની આપણી આવનારી પેઢીને સરળતાથી મળી શકશે. એટલું જ નહીં ડોક્યુમેન્ટરી ફિલ્મમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હશે.

મળતી માહિતી મુજબ, આ ડોક્યુમેન્ટ્રીમાં વર્ષ ૧૫૨૮થી લઈને અત્યાર સુધી રામ મંદિર નિર્માણ સાથે જોડાયેલી તમામ બાબતો બતાવવામાં આવશે. એટલું જ નહીં, આ ફિલ્મ બનાવતા પહેલા દરેક વિગતોનું ધ્યાન રાખવામાં આવશે, જેથી કરીને કોઈપણ પ્રકારની તથ્યોમાં કોઈ ભૂલને અવકાશ ન રહે. આ કારણોસર, આ ડોક્યુમેન્ટ્રી શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવશે. આ ડોક્યુમેન્ટ્રીની ખાસ વાત એ છે કે તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ જોવા મળશે, જેઓ પોતાની રાજકીય કારકિર્દી દરમિયાન રામ મંદિર માટે ઉભા રહ્યા છે. પીએમ મોદીના મંદિરના ભૂમિપૂજનના દ્રશ્યને ડોક્યુમેન્ટ્રીમાં સામેલ કરવામાં આવશે.

## દાહોદના નસીરપુર ગામ પાસે નેશનલ હાઈવે પર બાઈકને અજાણ્યા વાહને અડફેટે લેતાં દંપતિ પૈકી પતિનું મોત

દાહોદ,
દાહોદ તાલુકાના નસીરપુર ગામેથી પસાર થતાં અમદાવાદ–ઈન્દૌર નેશનલ હાઈવે પરથી મોટરસાઈકલ પર પસાર થઈ રહેલ એક દંપતિને અજાણ્યા વાહનના ચાલકે અડફેટમાં લેતાં મોટરસાઈકલ પર સવાર દંપતિ પૈકી પતિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે. ગત તા.૦૩ જુલાઈના રોજ દાહોદ તાલુકાના મોટી સારસી ગામે ભાભોર ફળિયામાં રહેતાં શાંતિલાલભાઈ ભીમજીભાઈ ભાભોર અને તેમની પત્નિ શીલાબેન શાંતિલાભાઈ ભાભોર બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ દાહોદ તાલુકાના નસીરપુર ગામેથી અમદાવાદ – ઈન્દૌર હાઈવે પરથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે ત્યાંથી એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ઉપરોક્ત દંપતિની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારી નાસી જતાં દંપતિ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયું હતુ. જેને પગલે બંન્ને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જેમાં સારવાર દરમ્યાન શાંતિલાલભાઈનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે મૃતક શાંતિલાલભાઈના ભાઈ અર્જુનભાઈ ભીમજીભાઈ ભાભોરે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના જેકોટ ગામે બે મહિલા ઉપર વ્હેમ રાખી મારમારતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના જેકોટ ગામે બે મહિલાઓ ઉપર પોતાનાજ પરિવારના એક સભ્યએ ખોટા શક વહેમ રાખી લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ગત તા.૨૯મી જુનના રોજ જેકોટ ગામે જાદા ફળિયામાં રહેતો રૂમાલભાઈ ગલુભાઈ પરમાર પોતાના ગામમાં રહેતાં પોતાના સગા ભાઈ રૂપસીંગભાઈ ગલુભાઈ પરમારના ઘરે આવ્યો હતો અને બેફામ ગાળો બોલી ચંદ્રિકાબેન રૂપસીંગભાઈ પરમાર અને કેશાબેન રૂપસીંગભાઈ પરમાર ઉપર ખોટા શક વહેમ રાખી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ચંદ્રિકાબેન અને કેશાબેનને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે રૂપસીંગભાઈ ગલુભાઈ પરમારે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ સાંસદની અધ્યક્ષતામાં દિશાની બેઠક યોજાશે

દાહોદ,
સાંસદ જસવંતસિંહ ભાભોરની અદયક્ષતામાં આગામી તા. ૧૮ જુલાઈના રોજ જિલ્લા સેવા સદન ખાતેના સભાગૃહમાં ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કો.ઓર્ડીનેશન એન્ડ મોનીટરિંગ કમિટી(દિશા)ની બેઠક યોજાશે. બેઠકમાં સાંસદ દાહોદ જિલ્લામાં વિવિધ યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરશે. મુખ્યત્વે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, સ્માર્ટ સીટી મીશન, નેશનલ રૂરલ ડ્રિકિંગ વોટર પ્રોગામ, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, નેશનલ હેલ્થ મીશન, મીડ ડે મીલ સ્કીલ સહિતની વિવિધ યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરશે.

## ભંગાર મોબાઈલની આડમાં ભારતીયોનો ડેટા ચીન પહોંચ્યોઃ ચોંકાવનારો ખુલાસો

નવીદિલ્હી,
ગ્રેનોમાં રહેતા ચીની નાગરિકોની નેપાળ બોર્ડર અને ગુરુગ્રામમાં ધરપકડ બાદ ચોંકાવનારા ખુલાસા થયા છે. તપાસ એજન્સીઓને ચીની નાગરિકો અને તેનો મદદગાર મનાતા રવિ નટવરલાલની પુછપરછમાં ચોંકાવનારી વિગત બહાર આવી છે કે આરોપી ભારતમાં સેલફોન (મોબાઈલ)નો ભંગાર ખરીદીને તેના સ્પેરપાર્ટસ વગેરે ચીન મોકલી દેતો હતો જેથી આ ભારતીયોના સેલફોનના ભંગારમાં ભારતીયોનો ડેટા હોવાનો અને આ ડેટાથી માત્ર જાસૂસી જ નહીં બલકે દેશની સુરક્ષા સામે ખતરો ઉભો થયો છે અને સાયબર ફ્રોડનો પણ ખતરો વધી ગયો છે.

તપાસ એજન્સીઓને આશંકા છે કે મોબાઈલ ફોનનો ઉપયોગ કરનારા લાખો ભારતીયોનો ડેટા આ સ્પેર પાર્ટસના માધ્યમથી ચીનમાં પહોંચાડી દેવાયો છે. આથી માત્ર જાસૂસી જ નહીં, બલકે દેશની સુરક્ષામાં છેદ અને સાઈબર ફ્રોડનો ખતરો વધી ગયો છે.



આ ખુલાસા બાદ તપાસ એજન્સીઓ પુરા મામલામાં ઉંડાણથી તપાસમાં ઉતરી છે. ૧૧ જૂન ઈન્ડો-નેપાલ બોર્ડરથી બે ચીની નાગરિકો લુ લેંગ અને યુ હેલંગ અને ગુરુગ્રામથી જૂફાઈ અને તેની મહિલા મિત્ર નાગાલેન્ડમી રેનુઓ પટેખોની ધરપકડ બાદ રવિ નટવરલાલનું નામ બહાર આવ્યું હતું.

નોઈડા સેકટર ૧૪૩ની ગુલશન ઈકબાના સોસાયટીમાં રહેતો અને મૂળ રૂપે ગુજરાતનો નિવાસી રવિ નટવરલાલ વર્ષ ૨૦૧૨માં એમબીબીએસ કરવા ચીન ગયો હતો. આરોપી ત્યાં કેટલાંક શંકાસ્પદ લોકોના સંપર્કમાં આવ્યો હતો અને એમબીબીએસ પુરુ કરીને ભારત પરત ફર્યો હતો. ત્યારબાદ તે ચીનના શંકાસ્પદ નાગરિકોના સંપર્કમાં આવીને ગેરકાનૂની ગતિવિધિઓમાં સામેલ થઈ ગયો હતો. તેણે સૌથી પહેલા ગુજરાતમાં જ ચીનની એક ઈલેકટ્રોનીક કંપનીમાં જોડાઈને કામ શરૂ કરી દીધુ હતું.

જયારે તેને ખબર પડી કે ગૌતમ બુદ્ધ નગરમાં સૌથી વધુ કંપનીઓ કારોબારની ઈચ્છુક છે અને ત્યાં ચીની નાગરિકોની સંખ્યા પણ વધતી જઈ રહી છે તો તે ત્યાં આવી હોય અને બે કંપનીઓની આડમાં નવ કંપનીઓ બનાવીને લાખો રૂપિયાની લેવડ-દેવડ અને ખરીદ-વેચાણ કરવા લાગ્યો. તપાસમાં એ બહાર આવ્યું કે રવિ નટવરલાલની કંપનીઓના માધ્યમથી જ મોબાઈલ સ્ક્રેપ વગેરેનું ખરીદ-વેચાણ કરવામાં આવેલું.

આરોપીઓની પુછપરછમાં જાણવા મળેલું કે નટવરલાલ અને અહીંયા રહેતા ચીની નાગરિક દિલ્હીના સોનુ નામના સ્ક્રેપ વેપારી અને પાણીપતના એક અન્ય સ્ક્રેપ વેપારીના સંપર્કમાં હતા. આ સ્ક્રેપને ભારતીયોની મદદથી ચીની નાગરિકો ખરીદતા હતા. અત્યાર સુધી આશંકા વ્યક્ત થતી હતી કે આ જૂના મોબાઈલમાંથી કીમતી સ્પેરપાર્ટસ કાઢી ચીન મોકલતા હતા. બાદમાં તે સ્પેર પાર્ટસના ઉપયોગ કરી તે નવા મોબાઈલમાં ઈન્સ્ટોલ કરતા હતા, પણ હવે એવી ચોંકાવનારી માહિતી બહાર આવી છે કે તેઓ એવા સ્પેરપાર્ટસ કાઢી લેતા હતા જેથી લોકોના ડેટાની ચોરી થઈ શકે. કોર્ટે રિમાન્ડમાં પણ અરજીમાં આરોપીઓને દિલ્હી અને પાણીપત લઈ જવાની વાત કહેવામાં આવી છે.

તપાસમાં જોડાયેલા અધિકારીઓએ કોર્ટમાં એ વાત કહી છે કે આ મામલામાં પકડાયેલા આરોપી જૂના મોબાઈલ ખરીદીને તેમાંથી રેમ વગેરે કાઢી લે છે, અને તે ચીન મોકલવામાં આવે છે અને એથી આશંકા છે કે ભારતીય લોકોના ડેટા ચીન મોકલીને સુરક્ષામાં છેદ લગાવવામાં આવ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.266




# શહેરાના મોરવા (રેણા) ગામોમાં રાત્રિના સમયે ડ્રોન ઉડતા કુતુહલ પોલીસ દ્વારા તપાસ શરૂ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના મોરવા રેણા સહિત આજુબાજુના ગામોમાં રાત્રિના સમયે ડ્રોન ઉડતા જોવા મળતા ગામલોકોમાં કુતૂહલ સર્જાયું હતું. સાથે અનેક સવાલો લોકો માંથી આ જોવા મળતા દ્રશ્યો પરથી ઉઠતા પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આ બાબતે તપાસ હાથધરી છે.

શહેરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રી દરમિયાન ડ્રોન ઉડતા જોવા મળ્યા હતા.તાલુકાના વાડી, વલ્લવપુર, પોયડા, ઊંજડા અને વકતાપુરા સહિત અનેક ગામોમાં રાત્રી ના સમયે ડ્રોન ઉડતા જોવા મળતા સ્થાનિકોમાં કુતુહલ સાથે ભયનો માહોલ ફેલાયો છે. આકાશ મા ડ્રોન ઉડતા જોવા મળ્યાની વાતને લઈ રાત્રી દરમ્યાન સ્થાનિક ગામલોકો પણ એકઠા થયા હતા. તો સોમવારની રાત્રિએ જોવા મળેલા ઉડતા ડ્રોનના વિડીયો અને ફોટા પણ વાયરલ થયા છે. જોકે છેલ્લા એક સપ્તાહથી માત્ર રાત્રીના જ સમયે શહેરા તેમજ ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉડતા ડ્રોન જોવા મળતા આ સમગ્ર મામલે પોલીસે અલગ અલગ ટીમો બનાવીને તપાસ હાથધરી છે.

# મોરવા(હ) તાલુકા પંચાયત શાળાના મનરેગા કર્મચારીએ પગાર વધારો અને કાયમી કરવા આવેદન આપ્યું



શહેરા,

શહેરા અને મોરવા હડફ તાલુકા પંચાયતમાં આવેલ મનરેગા શાખાના કર્મચારીઓએ પગાર વધારો અને કાયમી કરવા સહિતની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકાર તેમની પડતર માંગણીઓ વહેલી તકે સ્વીકારે તેવી આશા રાખી રહયા છે.

શહેરા અને મોરવા હડફ તાલુકા પંચાયતમાં આવેલ મનરેગા શાખાના કર્મચારીઓ ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવતા હોય છે. મનરેગા શાખામાં ફરજ બજાવતા કર્મચારીઓની વિવિધ પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતા તેઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મનરેગા શાખાના કર્મચારીઓએ આપેલા આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાત રાજ્યના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના ૨૦૦૫ હેઠળ ગ્રામ વિકાસ વિભાગના ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવીએ છીએ તેમજ પંચાયત સેવાના કર્મચારી તરીકે સમાન સંવર્ગમાં સમાવેશ કરવો અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ જિલ્લા પંચાયતમાં આરોગ્ય શાખામાં માસ કરાર આધારિત ફરજ બજાવતા એમ.પી.એચ. ડબલ્યુ પુરૂષ કર્મચારીઓના વિવિધ માંગણીઓ સંદર્ભે આપેલ ચુકાદાના અનુસંધાને સુપ્રીમ કોર્ટના ઓરલ ઓર્ડર મુજબ દસ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા કર્મચારીઓને સેવામાં કાયમી કર્મચારીઓનો લાભ આપવા તેમજ યોજનાકિય કામગીરી બંધ થવાના કારણે પરફોર્મન્સ પર અસર પડશે જે કમિશનર ગ્રામ વિકાસ કચેરીના અધિકારીઓ તથા સરકારની કર્મચારીઓ પ્રત્યે ઉદાસીનતા બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે તે સહિત વિવિધ માંગણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જે રીતે મનરેગા શાખાના કર્મચારીઓ કાયમી કરવા સહિતની તેમની પડતર વિવિધ માંગણીઓને લઈને તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ કરાર આધારિત કર્મચારીઓની લાગણી અને માંગણીને ક્યારે સ્વીકારશે તે તો જોવુજ બન્યુ છે.

## ગોધરા મામલતદાર અને વહીવટી ના. મામલતદાર દ્વારા

# પ્રાંત અધિકારીના હુકમોની અમલવારી નહીં કરી સરકારી આદેશની અવગણના કરી

ગોધરા,

ગોધરા કૃષિ પંચ શહેર તાત્કાલીક મામલતદાર એમ.એમ.ભાભોર તથા વહીવટી નાયબ મામલતદાર અરવિંદ રાજપૂત પ્રાંત કચેરીમાં બદલી થયેલા તેવા કલાર્ક હંસરાજ બિહાલો ગોધરા મામલતદાર તાત્કાલીક બિનખેડુતોને ખેડુતો બનાવેલ અને સરકારને કરોડો કરોડોનું નુકશાન કરી ખુબ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ સરકાર સેવકો દ્વારા ગેરરીતિઓ આચરેલ ત્યાર બાબત તે હુકમોની નોંધો આજદિન સુધી નહીં પડેલ બાબતે નાગરિક દ્વારા હુકમ નં.જમન/૮૪(ક) કેસ નં.૩ (એ) તા.૪/૮/૨૦૨૧, હુકમ નં.જમન/૮૪(ક) કેસ નં.૨ તા.૪/૮/૨૦૨૧, હુકમ નં.જમન૮૪(ક) કેસ નં.૩/૨૦૨૦ તા.૪/૮/૨૦૨૧ના રોજ બોગસ ખેડુતોના નામે હળીમળીને આવતા હોય તેમજ ૮૦ વર્ષ પછી પેઢીનામાના આધારે બિનખેડુતોને ખેડુત બનાવેલ છે અને કેટલીક જમીનો અર્ધ પ્રક્રિયા ચાલુ હોવા છતાં ફેરફાર કરી નાખેલ છે. જે બાબતે સરકારને ખુબ જ મોટા પ્રમાણમાં રાજ્ય સેવકો દ્વારા રેવન્યુ રેકર્ડ તથા પુરાવા વિરૂદ્ધ ગેરરીતિઓ તપાસ દરમ્યાન બહાર આવે તેમ છે. આમ, જાગૃત નાગરિક દ્વારા ગોધરા મામલતદાર સીટી વિસ્તારને સરકારી હુકમોની અમલવારી કરવા તા.૨/૫/૨૦૨૨ના રોજ (૧) મામલતદાર ગોધરા (શહેર), (૨) પ્રાંત અધિકારી, ગોધરા, (૩) જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફ અરજી આપી સરકારી હુકમો નાગરિક દ્વારા ભારપૂર્વક કસ્ટોડીયન મિલ્કતો જે રેવન્યુ સર્વે નં. ૮૧૧/૧/૨ વાળી પ્રશ્ન ઉપસ્થિત થયેલા અને બિનખેડુતોનો કેસ આપી ખોટા સરકાર સેવકો એ સરકાર વિરૂદ્ધ હુકમો કરેલ છે. જે હુકમોની નોંધો આજદિન સુધી પાડવામાં આવલ નથી. અમુક બિખેડુતો દ્વારા હમીરપુરની મિલ્કતોથી ખેડુતો બનેલ છે. અમુક ચિખોદ્રાની મિલ્કતોનીથી ખેડુતો બનેલ છે. જે રેકર્ડ ઓફ રાઈટની નોંધો તાત્કાલીક મામલતદાર, ગોધરા કૃષિપંચ દ્વારા ધ્યાને લીધેલ નથી અને મોટા પ્રમાણમાં સરકાર સાથે વિશ્વાસઘાત કરેલ છે. જે તપાસ દરમ્યાન સરકારી ગેરરીતિઓ જો જીલ્લા કલેકટર પંચમહાલની ટીમ કરે તો મોટા પ્રમાણની વિગતોવાર ગેરરીતિઓ બહાર આવે તેમ છે. આમ, ગુજરાત રાજ્ય સરકારનું કાયદા અને મહેસુલ મંત્રી દ્વારા અવારનવાર સુચનાઓ વાંરવાર બોગસ ખેડુતોને પાતાળ માંથી સુધી કાઢી અને બોગસ ખેડુતો સામે ફોજદારી રાહે ગુનાહો દાખલ કરવા જણાવેલ છે. પરંતુ પંચમહાલ જીલ્લા કલેકટરના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા આદેશોનું પાલન કરી કે કરાવતા નથી. નાગરિકો દ્વારા વારંવાર રજુઆતો કરતા હોય છે. નાગરિકોની રજુઆતો અંગેની વહીવટીનાતે કે સેવાઓ નાતે કે ગેરરીતિઓ કરેલનાતે આજદિન સુધી પંચમહાલ જીલ્લાના અધિકારીઓ તરફ કોઈ સત્ય હકીકતોના રિપોર્ટો કરવામાં આવતાં નથી કે ગુજરાત રાજ્ય સરકારના કમિશ્નરો, સચિવો દ્વારા આજદિન સુધી પંચમહાલ જીલ્લા કર્મચારીઓ કે અધિકારીઓ સામે કોઈ ખાતાકીય તપાસના અહેવાલો માંગી ગેરરીતિઓ, ભષ્ટ્રાચારીઓ સામે કોઈ કરતા કોઈ કાર્યવાહી કરેલ તેવો એકપણ દાખલો પંચમહાલ જીલ્લામાં ગેરરીતિઓ હોવા છતાં કાર્યવાહી કરી કરાવવામાં આવતી જેથી સરકાર બદનામ થાય તે પંચમહાલ જીલ્લા શહેર તથા ગ્રામ્ય નાગરિકો માન. મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના શુભ પગલા થી પ્રજા રાહત અનુભવી રહી છે અને કેટલીક અરજીનો ગુ.રા.સ.મંત્રી કાયદા અને મહેસુલ સમક્ષ ગેરરીતિઓ અંગેની લેખિત ફરિયાદો પંચમહાલ શહેર ગ્રામ્ય વિરૂદ્ધ થયેલી છે. જેથી આ બાબતે ગોધરા પ્રાંત એન.બી.રાજપૂત ગોધરાની તમામ ફાઈલો તપાસ થાય તો ખુબ જ મોટું કૌભાંડ અનેક પ્રકારના મહેસુલી ગેરરીતિઓ બહાર આવે તેમ છે. આમ, તકરારી કેસોની નોંધો આર.ટી.એસ.ની નોંધો સીટીએસની નોંધો હુકમો અંગેની પાડવા આવેલ નથી.

ગુજરાત સરકારના પરિપત્રોનું અનાદાર કરેલ છે. આ બાબત ગોધરા જાગૃત નાગરિક દ્વારા કૃષિપંચ મામલતદાર તાત્કાલીક ગોધરા દ્વારા હુકમોની અમલવારી નહીં કરી તમામ મિલ્કતો વેચી પાડેલ સામે જવાબદારો કર્મચારીઓ, અધિકારીઓ સામે યોગ્ય જીલ્લ કલેકટર પંચમહાલ કાર્યવાહી હુકમો બાબતે કેમ નથી કરાવતા અને પ્રાંત એન.બી.રાજપૂત ગોધરાના કર્મચારીઓ દ્વાર વહીવટ અને સેવા કોને કહેવાય અને ભારતના નાગરિકોના હકકપણ નાબુદ કરી નાખેલ બાબતે પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત કચેરીની ફાઈલોની તપાસ જો ગુજરાત સરકારની વિરૂદ્ધની ગેરરીતિઓ કરેલની તપાસ ગાંધીનગર મંત્રી કાયદા અને મહેસુલ રાજેન્દ્ર ત્રિવેદીના આદેશો અનુસાર યોગ્ય તપાસ ટીમ નીમી કાર્યવાહી થાય તો કરોડો કરોડો સરકાર વિરૂદ્ધ હુકમોની ગેરરીતિઓ સામે આવે તેમ છે. બોગસ ખેડુતના પ્રમાણપત્રો ખોટા કાયદા વિરૂદ્ધ કરેલ હુકમો અને અનેક પ્રકારની ગેરરીતિઓ બહાર આવે તેમ છે.

# શહેરાના મોરવા(રેણા)ના નિવૃત પોલીસ સબઈન્સ્પેકટરનો સન્માન સમારોહ યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના મોરવા રેણાંના વતની પરમાભાઈ સોલંકી વડોદરા શહેરના કારેલીબાગ પોલીસ મથક ખાતે આસી. પોલીસ સબ ઈન્સ્પેટર તરીકે ફરજ બજાવતા હતા. વયમર્યાદા કારણે તેઓ નિવૃત થતા તેમનો સન્માન સમારોહ વતન ખાતે રાખવામાં આવતા મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

શહેરા તાલુકાના મોરવા રેણા ગામ ખાતે રહેતા પરમાભાઈ રામાભાઈ સોલંકી આસી.પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે વડોદરા શહેરના કારેલીબાગ પોલીસ મથક ખાતે ફરજ બજાવતા હતા. પરમાભાઈ વયમર્યાદાના કારણે તેત્રીસ વર્ષની સેવા આપીને નિવૃત્ત થતા તેમનો માદરે વતન મોરવા ખાતે સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગામના અગ્રણીઓ તેમજ સમાજ બંધુઓ સહિત તેમની સાથે ફરજ બજાવતા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહીને ફળ, મોમેન્ટો અને સાલ ઓઢાડીને તેમની કામગીરીને બિરદાવી હતી. જ્યારે સમતા ફાઉન્ડેશન મધ્યગુજરાત, સ્ટેચ્યુ ઓફ ઈકવાલીટીના પ્રમુખ સુરેશભાઈ એડવોકેટ, સાત પરગણા સુધારક મંડળના પ્રમુખ કે.ડી પરમાર, સદગુરૂ સેવા મંડળ મોરવા સમાજની અનેક સંસ્થાઓ દ્વારા તેઓના કાર્ય અને સંસ્મરણો વાગોળી સાલ અને સન્માન પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત થયેલ પરમાભાઈએ સમાજની વિવિધ સંસ્થાઓને યથાશકિત દાન આપવામાં સાથે ગામની વિધવા બહેનોને સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમતા ફાઉન્ડેશન મધ્ય ગુજરાત અને રોહીત સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# હાલોલ કણજરી રોડ પર આવેલ ગજાનંદ રેસીડન્સીમાં ગંદકીનું સામ્રાજ્ય



હાલોલ,

હાલોલ કણજરી રોડ પર ધવલ પાર્કની પાછળના ભાગે આવેલી ગજાનંદ રેસીડન્સીના રહીશો છેલા કેટલા વર્ષો થી રોડ રસ્તા અને પાણીના નિકાલ માટે થી વંચિત છે. ગજાનંદ રેસીડન્સીના રહીશોને પોતાની સોસાયટી પર થી પસાર થતા રોડ બિસ્માર હાલતમાં છે. ઘણાં સમય થી હાલોલ નગર પાલિકામાં તથા સ્થાનિક કોર્પોરેટને રજુઆત કરાવવા છતાં કોઈ નિકાલ આવ્યો નથી.

હાલમાં હાલોલ નગરમાં ભૂગર્ભ ગટર લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે હાલોલ કણજરી રોડ પર આવેલી ગજાનંદ રેસીડન્સીમાં છેલ્લા ૬ મહિના ઉપરાંત ગટર લાઇન નાખવામાં આવી છે, પરંતુ કોન્ટ્રાસ્ટ દ્વારા ખાલી માટીનું પુરાણ કરાવવામાં આવ્યું છે. તેના કારણે આજુ બાજુ ની સોસાયટીનું પાણી રોડ પર નીકળતા ગંદકીનું પ્રમાણ વધી ગયું છે. બાળકો પોતાનાં ઘર આંગણે રમી શકતા નથી. કોઈ દુર્ઘટના બને તો કોઈ એમ્બ્યુલન્સ કે ફાયરની ગાડી પણ આવી શકે તેમ નથી અને જો કોઈ રોગચાળો ફાટી નિકળશે તો જવાબદારી કોની ?

જયારે આજરોજ ગજાનંદ રેસીડન્સીના રહીશો દ્વારા હાલોલ નગરપાલિકા ખાતે ચીફ ઓફિસને આવેદન આપવામાં આવ્યું હતું.

# કાલોલના નવાગામ રીછીંયા ખાતે જુગાર રમતા ૩ ઈસમોને પોલીસે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના નવાગામ રીછીયા મેઘવાળ ફળીયા પાસે ખુલ્લા ખેતરમાં મોબાઈલ બેટરીના અજવાળે જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે સ્થળ ઉપરથી ૬૨,૭૦૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કર્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના નવાગામ રીછીયા ગામે મેઘવાળ ફળીયા રોડ ઉપર ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે વેજલપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન પ્રદિપ મનહરભાઈ પરમાર, ઈમરાન શબ્બીર કડવા, લક્ષ્મણ શનાભાઈ મેઘવાળને ઝડપી પાડવામાં આવ્યા. પકડાયેલ ઈસમોની અંગઝડતીમાં રોકડા, મોબાઈલ ફોન નંગ-૩, મોટર સાયકલ, એકટીવા મળી ૬૨,૭૦૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. જ્યારે નાશી છુટેલ ૬ ઈસમો વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.



ગોધરા નગરપાલિકાના અનગઢઆવડતના કારણે લાખો રૂપિયાના ખર્ચ બનાવેલ બનાવેલ નગરપાલિકા પાછળ પીકનીક પોઈન્ટની આ હાલત નગરપાલિકાના કોન્ટ્રાકટરે સંપનો ખોદેલ માટી થી પીકનીક પોઈન્ટ બંધ કરી દીધો. દરરોજ નગર પાલિકામાં આવતા અધીકારી અને પદાઅધીકારીની દરરોજની દેખરેખ હેઠળ પ્રમુખ ચીફઓફીસર તેમજ સેનેટરી વિભાગ ફાયર વિભાગની ઓફિસમાંથી કાચ માંથી દેખાઈ એમ આને શું સમજવું સરકાર દ્વારા અપાતી લાખો રૂપિયાની ગ્રાન્ટની અનદેખી કે લાપરવાહી ?

# લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોર નગરપાલિકામાં વૃક્ષોનું વાવેતર કરાશે

લુણાવાડા,

ભારત દેશને આઝાદી મળ્યાના ૭૫ વર્ષ પૂર્ણ થયા અવસરે સમગ્ર દેશમાં હાલમાં આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અને પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ વડોદરા ઝોન પ્રશસ્તિ પારીકની પહેલ અને માર્ગદર્શન હેઠળ વડોદરા ઝોન હેઠળના વડોદરા, છોટાઉદેપુર, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિત કુલ છ જિલ્લાની ૨૬ નગરપાલિકામાં નગરપાલિકા દીઠ ૭૫ વૃક્ષોનું વાવેતર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

આ અંગે વધુ વિગતો આપતા પ્રાદેશિક કમિશનર નગરપાલિકાની કચેરી વડોદરા ઝોનના અધિક કલેક્ટર ગોપાલ બામણીયાએ જણાવ્યું હતું કે, પ્રાદેશિક કમિશનર નગરપાલિકા ઓ વડોદરા ઝોન પ્રશસ્તિ પારીક દ્વારા વડોદરાની ૨૬ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દરેક નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકા દીઠ ૭૫ વૃક્ષોનું વાવેતર કરવા માટે સૂચના આપવામાં આવી છે.

મહીસાગર જિલ્લાની લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોર નગરપાલિકામાં વૃક્ષોનું વાવેતર કરશે. આ વૃક્ષારોપણ તા.૫ જુલાઈ થી તા.૧૮ જુલાઈ દરમિયાન યોજાનાર વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમ દરમિયાન જે તે નગરપાલિકા ખાતે યોજવામાં આવશે. વૃક્ષારોપણ નગરપાલિકાના જાહેર સ્થળોએ કરવા તેમજ તેની સુરક્ષા માટે ફેન્સીંગ અથવા કંપાઉન્ડ વોલનો પ્રબંધ કરવા પણ સૂચના આપવામાં આવી છે.

વૃક્ષારોપણનો કાર્યક્રમ આમંત્રિત મહાનુભાવો, પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન, નગરપાલિકાના સભ્યો કર્મચારીઓ સામાજિક આગેવાનો અને નાગરિકોની ઉપસ્થિતિમાં યોજવામાં આવશે. વધુમાં વૃક્ષારોપણ કરવામાં આવનાર ૭૫ વૃક્ષોનો ઉછેર થાય તે માટે વૃક્ષોને દત્તક આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ કારોબારી સમિતિના ચેરમેન, નગરપાલિકાના સભ્યો, કર્મચારીઓ,સામાજિક આગેવાનો અને નાગરિકો વૃક્ષોને દત્તક લેશે. દત્તક લેનાર વ્યકિતએ વૃક્ષને ખાતર, પાણી,સાફ-સફાઈની વ્યવસ્થા કરવાની રહેશે અને દત્તક લીધેલ વૃક્ષોની મુલાકાત લેવાની રહેશે. આ અંગેનો ફોટોગ્રાફી સાથેનો અહેવાલ દર અઠવાડિયે ચીફ ઓફિસરે મોકલવાનો રહેશે તેવી સૂચના પણ પ્રાદેશિક કમિશનર દ્વારા આપવામાં આવી છે. વૃક્ષોની પસંદગી કરતી વખતે પર્યાવરણને અનુકૂળ હોય તેવા વડ, લીમડો,પીપળો, આસોપાલવ, ગુલમોહર, સરગવો, ગરમાળો જેવા વિવિધ ૭૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. વૃક્ષારોપણ કરવામાં આવેલ વિસ્તારને જાહેર લોકો જોઈ શકે તે રીતે યોગ્ય બોર્ડ લગાવી નિદર્શન કરવા તથા તેનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પણ સૂચના આપવામાં આવી છે. પ્રાદેશિક કમિશનર અને પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી વડોદરા ઝોનના અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણની સમયાંતરે મુલાકાત કરી સમીક્ષા કરશે તેવું વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે.